**આજનો સુવિચાર**

વ્યક્તિ ને સમજવા માટે દર વખતે ભાષાની જરૂરત નથી હોતી એનું વર્તન પણ, ઘણું બધું કહી દે છે

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/23
(VALID up to 31-12-2023)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ

દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૭ અંક : ૧૭૨ જૂનાગઢ તા.૭-૭-૨૦૨૩ શુક્રવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂ. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 47 Volume : 172, Junagadh : Date : 07 July, 2023, Friday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh, GUJARAT, India. • Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor Abhijeet K. Upadhyay


## કચ્છમાં કોંગો ફિવરથી એકનું મોત આરોગ્ય વિભાગ દોડતું થયું

ભૂજ તા. ૭

ગત ૧૮ જૂને અંજારના લાખાપર ગામના ૫૧ વર્ષીય પ્રૌઢને શંકાસ્પદ કોંગો હોવાના લક્ષણો ચાંદરાણી ગામના પીએચસી સેન્ટરની તપાસ દરમ્યાન બહાર આવ્યા હતા. તાવ, શરીરની ચામડી ખોટી પડવાના અને સંડાસવાટે લોહી પડવાના લક્ષણો ધરાવતા આ દર્દીએ પ્રથમ અંજાર અને બાદમાં અમદાવાદની ખાનગી હોસ્પિટલમાં સારવાર લીધી હતી. તે દરમ્યાન ગત ૨૯ જૂને અમદાવાદમાં તેમનું મોત નિપજ્યું હતું. દર્દીના મોત બાદ જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા તેમના પરિવારના ૧૩ સભ્યોના સેમ્પલ લઈ ટેસ્ટ કરાયા હતા જોકે, આ સેમ્પલ નેગેટિવ હોય તંત્રને થોડી રાહત થઈ હતી. પરંતુ કોંગો ના કેસ અને દર્દીના મોતને પગલે રાજ્યનું આરોગ્ય તંત્ર દોડતું થયું

## પુણેમાં એનસીપીનાં અધ્યક્ષ પદે નરેન્દ્ર રાણેને જાહેર કરાયા

(મુંબઈ બ્યુરો) મુંબઈ તા. ૭

મહારાષ્ટ્રમાં કાકા-ભત્રીજા વચ્ચે જૂથ પડી ગયા બાદ એનસીપીની હાલત પણ શિવસેના જેવી થઈ ચૂકી છે. તાજેતરમાં રાજકારણમાં ગરમાવા વચ્ચે હવે એવા પણ અહેવાલ આવ્યા છે કે

### મોદી સરનેમ માનહાની કેસમાં

# રાહુલ ગાંધીને ગુજરાત હાઈકોર્ટનો ઝટકો : બે વર્ષની સજા યથાવત



અમદાવાદ તા. ૭

કોંગ્રેસ પક્ષનાં યુવા નેતા રાહુલ ગાંધીને મોદી અટક બદનક્ષી કેસમાં સુરતની નીચલી અદાલતે બે વર્ષની સજા અને રૂા. ૧૫ હજારનાં દંડની સજા સંભળાવી હતી. સુરત કોર્ટનાં આ ચુકાદાને રાહુલ ગાંધી દ્વારા હાઈકોર્ટમાં પડકારવામાં આવ્યો હતો. દરમ્યાન આજે ગુજરાત હાઈકોર્ટમાં આ કેસની સુનાવણીહાથ ધરવામાં આવી હતી. બંને પક્ષોની દલીલો સાંભળી જજ હેમંત પ્રચ્છકે રાહુલ ગાંધીનીઅરજી નકારી કાઢતા રાહુલ ગાંધીને મોટો ઝટકો લાગ્યો છે અને સંસદ પદ પાછુ મેળવવાની આશા ઉપર પાણી ફરી વળ્યું છે.

ગુજરાત હાઈકોર્ટ દ્વારા અપાયેલા આ ચુકાદાને પગલે કોંગ્રેસની છાવણીમાં નિરાશા વ્યાપી ગઈ છે અને આ ચુકાદા બાદ આજે બપોરે કોંગ્રેસનાં પ્રવક્તા દ્વારા એક પત્રકાર પરીષદ પણ યોજવામાં આવી રહી છે. ગુજરાત હાઈકોર્ટનાં આજના ચુકાદા ઉપર મીટ મંડાયેલી હતી. ગુજરાત હાઈકોર્ટે સભ્યપદ મેળવવા માટેની રાહુલ ગાંધીની અરજીને નકારી કાઢયા બાદ રાહુલ ગાંધી દ્વારા સુપ્રિમ કોર્ટનાં દ્વાર ખટખટાવામાં આવે તેવા નિર્દેશ મળી રહયા છે. આ સમગ્ર કેસની વિગતો એવી છે. કે,મોદી અટક બદનક્ષી કેસમાં સુરતની નીચલી અદાલતે રાહુલ ગાંધીને બે વર્ષની સજા અને પંદર હજાર રૂપિયાના દંડની સજા સંભળાવી હતી. ત્યારબાદ રાહુલ ગાંધી દ્વારા સુરત કોર્ટના ચુકાદાને હાઈકોર્ટમાં પડકાર્યો હતો. જોકે, હાઈકોર્ટમાં બંને પક્ષની દલીલો સાંભળ્યા બાદ જજે ચુકાદાને ઉનાળું વેકેશન બાદ આપવાનું જણાવ્યું હતું. દરમ્યાન રાહુલ ગાંધી સામેના બદનક્ષી કેસમાં આજે ગુજરાત હાઈકોર્ટ દ્વારા ચુકાદો આપવામાં આવ્યો છે. જજ હેમંતપ્રચ્છકે ચુકાદો સંભળાવ્યો હતો અને રાહુલ ગાંધીની અરજી નકારી હતી. હાઈકોર્ટને નીચલી કોર્ટના ચુકાદામાં હસ્તક્ષેપ યોગ્ય ન લાગ્યો, આથી રાહુલ ગાંધીની ૨ વર્ષની સજા યથાવત રખાઈ છે. જેથી રાહુલ ગાંધીને સંસદપદ પાછુ મળવાની આશા પર પાણી ફરી વળ્યું છે. આજે હાઈકોર્ટ રૂમની તમામ બેઠક ભરાઈ ગઈ હતી. ગુજરાત કોંગ્રેસ પ્રદેશ અધ્યક્ષ શક્તિસિંહ, સિદ્ધાર્થ પટેલ, અમિત ચાવડા અને શૈલેષ પરમાર કોર્ટરૂમમાં હાજર રહ્યા હતા.

દરમ્યાન હાઈકોર્ટમાંથી રાહુલ ગાંધીને કોઈ રાહત મળી નથી. હવે રાહુલ ગાંધી માટે આ ચુકાદો બહુ જ મહત્વનો હતો, ત્યારે હવે તેઓ સુપ્રીમ કોર્ટમાં જઈ શકે છે. કોર્ટે અવલોકન કરતા કહ્યું કે, નીચેલી કોર્ટના જજમેન્ટ અંગે હાઈકોર્ટને દખલગીરી કરવુ યોગ્ય નથી લાગતું.

રાહુલ ગાંધીના વકીલ પંકજ ચાંપાનેરીએ ચુકાદા બાદ જણાવ્યું કે, આખા ચુકાદાનો અભ્યાસ કરવો પડશે. કુલ ૮૦-૯૦ પેજનો આ ચુકાદો છે. તેથી હાલ તેના વિશે વધુ કહી શકુ તેમ નથી. હવે હાઈકોર્ટનો ચુકાદો રાહુલ ગાંધીની વિરૂધ્ધ આવ્યો છે. તેથી અમે સુપ્રીમ કોર્ટમાં જઈશું.

# આગામી ૭ વર્ષમાં સુપર રિચ ભારતીય પરીવારોની સંખ્યા ૯૧ લાખને આંબી જશે

નવી દિલ્હી,તા. ૭

વર્ષ ૨૦૩૦-૩૧ સુધીમાં દેશમાં સુપર રિચ પરિવારોની સંખ્યા પાંચ ગણી વધી ૯૧ લાખ પર પહોંચવાની અપેક્ષા છે. જયારે ૨૦૪૬-૪૭ સુધીમાં તે ૩.૨૭ કરોડ પર પહોંચશે એમ નોટ-ફોર પ્રોફિટ થિંક-ટેન્ક પીપલ રિસર્ચ ઓન ઈન્ડિયાઝ ... પરિવારોની સંખ્યા ૯૮ હજાર પર હતી. જે ૨૦૨૦-૨૧માં વધી ૧૮ લાખ પર પહોંચી છે. વાર્ષિક ધોરણે રૂ. ૩૦ લાખથી વધુની કમાણી કરતાં અને 'રિચ' તરીકે ઓળખાતાં પરિવારોની સંખ્યા ૨૦૨૪-૪૭ સુધીમાં વધી ૪૩.૭ કરોડ થવાની શક્યતા છે. જે ૨૦૨૦- ૨૧માં ... (રૂ. ૨ કરોડથી વધુની આવક) કેટેગરીએ સૌથી ઝડપી વૃદ્ધિ દર્શાવી હતી. ૨૦૩૦-૩૧ સુધીમાં સુપર રિચ પરિવારોની સંખ્યા વધુ ઝડપથી વધી ૯૧ લાખ પર પહોંચવાની અપેક્ષા છે.

મુંબઈ અને દિલ્હી 'રિચ' પરિવારોની મોટી સંખ્યા દર્શાવે છે

# ગુજરાત સહિત ૧૨ રાજયોમાં આગામી પાંચ દિવસ ભારે વરસાદની આગાહી

નવી દિલ્હી તા. ૭

હવામાન વિભાગે ગુજરાત, રાજસ્થાન, ઉત્તરાખંડ, ઓડિશા સહિત ૧૨ રાજ્યોમાં આગામી પાંચ દિવસ સુધી ભારે વરસાદનું એલર્ટ જાહેર કર્યું છે. આ દરમિયાન ગઈકાલે દેશના વિવિધ રાજ્યોમાં ધોધમાર વરસાદ વરસ્યો હતો જેના કારણે અનેક વિસ્તારોમાં પાણી ભરાય ગયા હતા. હિમાચલ પ્રદેશના અનેક જિલ્લાઓમાં ભારે વરસાદને પગલે નદીઓ અને નાળાઓમાં પાણી ભરાય ગયા હતા જ્યારે યુપી અને મધ્ય પ્રદેશમાં વીજળી પડવાની અલગ-અલગ ઘટનાઓમાં નવ લોકોના મોત થયા છે.

હવામાન વિભાગની આગાહી મુજબ દેશના મોટાભાગના પૂર્વ અને ઉત્તરપૂર્વીય વિસ્તારોમાં આગામી પાંચ દિવસ સુધી ભારેથી અતિ ભારે વરસાદ પડશે. જેમાં બંગાળ, સિક્કિમ, આસામ, મેઘાલય, અરુણાચલ પ્રદેશ, નાગાલેન્ડ, મણિપુર, ઓડિશા અને બિહારનો સમાવેશ થાય છે. ગુજરાત, ઉત્તરાખંડ અને રાજસ્થાનના પશ્ચિમ અને ઉત્તર પશ્ચિમ રાજ્યોના કેટલાક વિસ્તારોમાં પાંચ દિવસ માટે ભારે વરસાદની ચેતવણી પણ આપવામાં આવી છે. હિમાચલમાં યલો એલર્ટ વચ્ચે ઘણા વિસ્તારોમાં વરસાદ પડ્યો હતો જેમા ધરમપુર-ગડખેલ-કસૌલી રોડ ભારે વરસાદને કારણે તૂટી ગયો છે. આ સાથે ભુસ્ખલન થતા કાલકા-શિમલા NH હાઈવે પણ બંધ થઈ ગયો હતો.

ભારે વરસાદને કારણે રાજ્યના અનેક જિલ્લાઓમાં નદી-નાળાઓ છલકાઈ ગયા છે. જેના કારણે કુલ્લુમાં રિવર રાફ્ટિંગ અને પેરાગ્લાઈડિંગ રોકવી પડી હતી. બીજી તરફ ભારે વરસાદ વચ્ચે ગઈકાલે મધ્ય પ્રદેશના પન્ના અને ટીકમગઢ જિલ્લામાં વીજળી પડવાથી પાંચ લોકોના મોત થયા છે જ્યારે યુપીના બંધાઉનમાં વીજળી પડવાથી ચાર લોકોના મોત થયા છે.

દરમ્યાન ગુજરાતનાં કેટલાક વિસ્તારોમાં ભારે વરસાદ પડયો છે જેમાં મહેસાણા તાલુકા સહિત જિલ્લાભરમાં મધરાત્રે કડકા ભડકા સાથે ધોધમાર વરસાદ વરસ્યો હતો. રસ્તાઓ પાણી પાણી થયા હતા. મોઢેરા રોડ, ભમરીયું અને ગોપીનાળામાં પાણી ભરાયા હતા.

ગુજરાતમાં વરસાદની બીજો રાઉન્ડ શરૂ થઈ ગયો છે. આગામી પાંચ દિવસ વરસાદની આગાહી હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી છે. સુરતમાં વહેલી સવારથી જ વરસાદી માહોલ છવાયો છે. સુરતના તમામ ઝોનમાં વરસાદ નોંધાયો છે. જેમાં સૌથી વધુ એક ઈંચ જેટલો વરસાદ વરાછામાં નોંધાયો છે. જ્યારે સેન્ટ્રલ ઝોનમાં ૧૨ મીમી, વરાછા બીમાં ૯ મીમી, વેસ્ટમાં ૧ મીમી, નોર્થમાં ૯ મીમી, સાઉથમાં ૧૧ મીમી, સાઉથ ઈસ્ટમાં ૭ મીમી અને સાઉથ વેસ્ટમાં ૧૫ મીમી વરસાદ પડ્યો છે.

# લીલાશાકભાજી, અનાજ, કઠોળનાં ભાવો આસમાને

નવી દિલ્હી,તા. ૭

મોંઘવારી કાળમાં કઠોળ, લીલાં શાકભાજી સહિતના ભાવ આસમાને પહોંચી ગયા છે. રિટેઈલમાં લાલ ચોળા, તુવેરની દાળ, ગુજરાત

## રેસ્ટોરન્ટમાં ટમેટા, આદુ અને લીલા શાકભાજી, મરચા તિજોરીમાં મુકવાની

## ભારે વરસાદને પગલે અમરનાથ યાત્રા રોકી દેવાઈ

દેવભૂમિ દ્વારકા જિલ્લાના પોલીસ વડા નિતેશ પાંડેની સૂચનાથી ડીવાયએસપી સમીર સારડા અને ઓખા મરીન પોલીસ સ્ટેશનના પીએસઆઈ ડી.એન. વાઝાએ પહેલ કરીને સીપીઆઈ આર. બી. સોલંકી તથા અન્ય ખાતાના મામલતદાર વી. આર. વરૂ, મૂળાભાઈ પાલાભાઈ પરમાર, રાણાભાઈ પરમાર વિગેરે તેમજ અન્ય જ્ઞાતિના આગેવાનો સોમાભાઈ, દુદાભાઈ નાંગેશ, ભરતભાઈ પરમાર, કાનાભાઈ ચાવડા વિગેરે આશરે ૭૦ જેટલા સ્ત્રી પુરૂષ ગ્રામજનોની હાજરીમાં સયુંકત લોક દરબારનું આયોજન અંગે યોગ્ય આયોજન કરવામાં આવ્યું અને વહેલામાં વહેલી તકે પ્રશ્નોના નિવારણ અંગે ખાતરી આપવામાં આવી. ટીડીઓ તરફથી ભવિષ્યમાં થનાર કામોની જાણકારી આપવામાં આવી હતી. તેમજ મામલતદાર તરફથી સરકારી કાર્યવાહીમાં ભૌતિક પ્રયોગનું ગ્રામજનો તેમજ વિદ્યાર્થીઓ વચ્ચે રૂબરૂમાં નિદર્શન કરીને બીડી તમાકુ વિગેરે જેવા વ્યસનોથી થતા નુકશાન અને વ્યથા અંગે સમજ આપવામાં આવી તેમજ વ્યસન મુક્તિની અપીલની સાથે કાર્યક્રમની પૂર્ણાહુતી કરવામાં આવી હતી.

કોંગ્રેસના પ્રતિનિધી મંડળે મુલાકાત લઈ લોકો, ખેડુતોની વ્યથા સાંભળી હતી. વર્ષોથી આ વિસ્તારમાં પડી રહેલી મુશ્કેલીઓ અને તેના નિરાકરણ માટેના ગ્રામજનોએ કરેલા સુચનોની સરકારમાં અસરકારક રજુઆતની ખાત્રી આપી હતી. તાજેતરમાં પડેલા ભારે વરસાદથી ઓઝતના પાણી ચારે તરફ ફરી વળતાં ઘેડ પંથક જળબંબોળ થયો હતો. પરિણામે ઉપપ્રમુખ હીરાભાઈ જોટવા, સોમનાથના ધારાસભ્ય વિમલભાઈ ચુડાસમા, માણાવદરના ધારાસભ્ય અરવિંદભાઈ લાડાણી, માંગરોળના પૂર્વ ધારાસભ્ય બાબુભાઈ વાજા, જીલ્લા કોંગ્રેસ પ્રમુખ ભરતભાઈ અમીપરા, પ્રદેશ કોંગ્રેસ ડેલીગેટ સભ્ય મોં.હુસેનભાઈ જેઠવા, માંગરોળ તા.પં. પૂર્વ પ્રમુખ કાનાભાઈ રામ સહિતના મુલાકાત લીધી હતી. જેમાં દર વર્ષે ચોમાસામાં ઉદભવતી સમસ્યાના નિરાકરણ માટે મુખ્યત્વે ઓઝત નદીને ઊંડી અને પહોળી કરવાની લોકોની મુખ્ય માંગ હતી. આ ઉપરાંત ઘેડની સ્પ્રેન્ડિંગ કેનાલ ઊંડી, પહોળી કરી સફાઈ કરાવવા ઉપરાંત એશીયાનો સૌથી મોટો માટીનો ડેમ અને ૪૦ જેટલા ગામો માટે ફાયદારૂપ એવા અમીપુરનું કામ સાતેક વર્ષથી અધ્ધરતાલ જણાવાયું હતું. તો પાક નિષ્ફળ જતાં બિયારણ માટે સરકારની સહાય જે ૧૩ હજાર છે તેને બમણી કરી ૨૬ હજાર નક્કી કરવા પણ પ્રતિનિધી મંડળ સમક્ષ માંગ કરી હતી. આ ઉપરાંત ઘેડમાં આવતા માંગરોળ, કુતિયાણા, પોરબંદર તથા કેશોદ તાલુકામાં ઘેડ વિકાસ સમિતિને પુનઃજીવિત કરવા જણાવ્યું હતું. પ્રતિનિધી મંડળે અમીપુર ડેમની સ્થળ મુલાકાત લીધી હતી.

## વડોદરાથી આવેલા પ્રજ્ઞાચક્ષુઓએ જગત મંદિરમાં શીશ ઝુકાવ્યું



(રાકેશ સામાણી દ્વારા)

દ્વારકા તા.૭

જગત મંદિર દ્વારકા ખાતે વડોદરા વિસ્તારમાંથી આવેલા પ્રજ્ઞાચક્ષુઓએ ખાસ મુલાકાત લઈ અને કાળિયા ઠાકોરના મનોમન દર્શન કરી, ધન્યતા અનુભવી હતી. વડોદરા કપડવંજ વિસ્તારમાં સેવા સંસ્થાના સહયોગથી બુધવારે દેવભૂમિ દ્વારકામાં ભગવાન દ્વારકાધીશના સાનિધ્ય માટે ખાસ ટીમનું આગમન થયું હતું. કપડવંજ તાલુકા પંચાયતના પૂર્વ પ્રમુખ નીતિનભાઈ પટેલ દ્વારા આયોજિત આ સેવા કાર્યમાં ૩૯ જેટલા પ્રજ્ઞાચક્ષુ મહિલાઓ તેમજ પુરૂષો તથા તેમની સાથે આવેલા ૧૦ એટેન્ડન્ટ દ્વારા દ્વારકાધીશ મંદિરની ખાસ મુલાકાત લેવામાં આવી હતી. મંદિર સુરક્ષાના ડીવાયએસપી સમીર સારડાના સીધા માર્ગદર્શન હેઠળ દ્વારકાધીશ મંદિરે આવેલા આ પ્રજ્ઞાચક્ષુ મહિલાઓ તથા પુરુષો માટે સ્થાનિક સ્ટાફ દ્વારા ખાસ વ્યવસ્થા કરવામાં આવી હતી. જેમાં મંદિરના દર્શન દરમ્યાન પૂજારી પ્રણવભાઈ તથા હાર્દિકભાઈએ પ્રજ્ઞાચક્ષુઓને ભગવાન દ્વારકાધીશના શ્રીંગારનું વર્ણન કરી શ્રીજીનું મહત્વ જણાવ્યું હતું. જે જાણી અને પ્રથમ વખત અત્રે આવેલા આ પ્રજ્ઞાચક્ષુઓએ ધન્યતા અનુભવી હતી. દેવભૂમિ દ્વારકા જિલ્લા ભાજપ પ્રમુખ મયુરભાઈ ગઢવીની વિનંતીથી પ્રજ્ઞાચક્ષુ યાત્રાળુઓને દર્શન સહિતની વ્યવસ્થા માટે પી.એસ.આઈ. શક્તિસિંહ ઝાલા, એ.એસ.આઈ. અજીતસિંહ જાડેજા, કુલદીપ ખુમાણ તેમજ દેવસ્થાન સમિતિ તરફથી કમલેશભાઈ શાહ અને જયેશભાઈ દ્વારા અલાયદી વ્યવસ્થા સાથે નોંધપાત્ર જહેમત ઉઠાવવામાં આવી હતી.

## ઉનાના ગાંગડા ગામેથી ૯ જુગારીઓ ઝડપાયા

(પ્રતિનિધિ દ્વારા)

ઉના તા.૭

ઉના તાલુકાના ગાંગડા ગામે સીમ શાળા પાસે પાણીના નહેરા પાસે જાહેરમાં જુગાર રમતા અશોક જગુભાઈ ચાવડા, ગીગુ કરણા સોલંકી, નગા મંગળભાઈ મકવાણા, જીલુ કથડભાઈ મકવાણા, જીતુ લખમણ બાંભણિયા, વશરામ જોધા સાંખટ, રણજીત ભીખા સોલંકી, અરજણ સામત ગોહિલ ખાટું રામ મકવાણા રહે.ઊંટવાલાને રૂપિયાની હારજીતનો જુગાર રમતા રોકડા રૂપિયા ૨૧૩૦૦ સાથે ગીર-સોમનાથ જિલ્લાના એલસીબી પોલીસના ઈન્ચાર્જ પીઆઈ ઝાલા અને સ્ટાફે પકડી ઉના પોલીસ સ્ટેશને લાવી ગુનો દાખલ કરી કાર્યવાહી કરી હતી.

## પ્રભાસ-પાટણ : મેચ ઉપર જુગાર રમતા ૩ ઝડપાયા

(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ તા.૭

વેરાવળમાં પ્રભાસપાટણ ચારા માર્કેટ પાસે આઈસીસી ક્રિકેટ વર્લ્ડકપ કવોલીફાયર મેચ ઉપર હારજીતનો જુગાર રમતા ત્રણ શખ્સોને ગીર સોમનાથ એલસીબીની ટીમએ પકડી પાડી ધોરણસરની કાર્યવાહી હાથ ધરેલ છે. એલસીબીના પીઆઈ વી.કે.ઝાલાની સુચનાથી સ્ટાફને મળેલ બાતમીના આધારે પ્રભાસપાટણ ચારા માર્કેટ પાસે આઈ.સી.સી. ક્રિકેટ વર્લ્ડકપની સ્કોટલેન્ડ-નેધરલેન્ડ વચ્ચે રમાતી કવોલીફાયર મેચ ઉપર હારજીતનો જુગાર રમતા અહેમદ ઉર્ફે બાપુ આમદભાઈ મોઠીયા, ઉ.વ.૫૦, ધંધો ડ્રાઈવિંગ, રહે ઘાંચીવાડા, ચોપટા શેરી, ઈસુબ ઉર્ફે બોથમ રફીકભાઈ મલેક, ઉ.વ.૫૩, ધંધો મજુરી, રહે.મલેકવાડા, જમાલ ઉર્ફે જમાલ લોય કાસમભાઈ કાલવાત, ઉ.વ.૪૭, ધંધો મજુરી, રહે અજમેરી શેરી ને રોકડ રૂા.૧૭,૫૩૦ તથા જુગારના સાહીત્ય ચીઠ્ઠી, પેન, વિગેરે મળી કુલ રૂા.૧૭,૫૩૦ ની સાથે પકડી પાડી પ્રભાસપાટણ પોલીસમાં જુગાર ધારા કલમ ૧૨(અ) મુજબ ગુન્હો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

## દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ધીમી ધારે પોણો ઈંચ સુધી વરસાદ વરસ્યો

(કુંજન રાડિયા દ્વારા)

જામ ખંભાળિયા તા.૭

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં છેલ્લા કેટલાક દિવસોથી વધી રહેલી અસહ્ય ગરમી વચ્ચે ગઈકાલે તથા આજે સવાર સુધીમાં પોણો ઈંચ સુધીનો વરસાદ વરસી જવા પામ્યો છે.

દ્વારકા તાલુકામાં ગઈકાલે ૮ અને આજરોજ સવારે ૧૧ મીલીમીટર મળી કુલ ૧૯ મીલીમીટર, ખંભાળિયા તાલુકામાં ગઈકાલે બપોરે ૯ મીલીમીટર, કલ્યાણપુર તાલુકામાં બે દિવસ દરમ્યાન ૧૬ મીલીમીટર અને ભાણવડ તાલુકામાં આજરોજ ૧૮ મીલીમીટર વરસાદ જવા પામ્યો છે. આ સાથે ખંભાળિયા તાલુકામાં ૫૭૨ મીલીમીટર, દ્વારકા તાલુકામાં ૩૪૨ મીલીમીટર, કલ્યાણપુર તાલુકામાં ૩૦૩ મીલીમીટર અને ભાણવડ તાલુકામાં ૨૭૯ મીલીમીટર કુલ વરસાદ નોંધાયો છે.


## ખંભાળિયામાં માનવ સેવા સમિતિ દ્વારા રવિવારે નેત્ર નિદાન કેમ્પ યોજાશે

(કુંજન રાડિયા દ્વારા) જામ ખંભાળિયા તા.૭

ખંભાળિયાની જાણીતી સેવા સંસ્થા માનવ સેવા સમિતિના ઉપક્રમે અત્રે જામનગર રોડ ઉપર આવેલી એલ.પી. બદીયાણી હોસ્પિટલ ખાતે આગામી રવિવાર તારીખ ૯મી ના રોજ સવારે ૯ થી ૧૨ વાગ્યા સુધી નેત્ર નિદાન, સારવાર, દવા વિતરણ તથા શસ્ત્રક્રિયા કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. આ કેમ્પમાં વિરનગરની જાણીતી શિવાનંદ મિશન હોસ્પિટલના ડોક્ટરો અને ટેકનીશ્યનો સેવાઓ આપશે. જેમાં મોતિયાના ઓપરેશનની જરૂરિયાત જણાવતા દર્દીઓને સંસ્થાના ખર્ચે વીરનગર ખાતે વિનામૂલ્યે ઓપરેશન કરાવી, નેત્રમણી બેસાડી આપવામાં આવશે. આ કેમ્પનો લાભ લેવા ખંભાળિયા તથા આસપાસના દર્દીઓને સંસ્થા દ્વારા અપીલ કરવામાં આવી છે.

## સુત્રાપાડા પંથકમાં સિંહ-શિયાળનો શિકાર કરવા અર્થે ફાસલા મુકનાર શિકારી ગેંગના સાત સભ્યોને કોર્ટે ત્રણ વર્ષની કેદ અને દંડ ફટકાર્યો

### બે વર્ષ પૂર્વે શિકારી ટોળકીએ ગોઠવેલા ફાસલામાં એક સિંહ બાળ અને એક શિયાળ ફસાયેલ જેને બચાવી લીધેલ





(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ તા.૭

બે વર્ષ પૂર્વે ગીર-સોમનાથ જિલ્લાના સુત્રાપાડા તાલુકાના ખાંભા ગામમાં આવેલ જંગલની જમીનમાં સિંહ અને શિયાળનો શિકાર કરવા માટે ફાસલા મુકનાર સુરેન્દ્રનગર જિલ્લાની શિકારી ગેંગના સાત સભ્યોને કોર્ટે ત્રણ વર્ષની કેદ અને દંડ ફટકારેલ છે. જયારે ત્રણ શખ્સોને શંકાનો લાભ આપી છોડી મુકવાનો સુત્રાપાડા કોર્ટે હુકમ કર્યો છે. આ અંગે પ્રાપ્ત વિગત મુજબ ફેબ્રુઆરી ૨૦૨૧માં જિલ્લાના સુત્રાપાડા તાલુકાના ખાંભા ગામમાં આવેલ રેવન્યુ વિસ્તારની જમીનમાં શિયાળ અને સિંહનો શિકાર કરવા અર્થે શિકારી ટોળકીએ ફાસલા ગોઠવ્યા હતા. જેમાં એક સિંહ બાળ અને એક શિયાળ ફસાયા હતા. જોકે, તે સમયે જાણ થઈ જતા બંન્નેને બચાવી લઈ વનવિભાગના સ્ટાફએ તપાસ હાથ ધરી સુરેન્દ્રનગર જિલ્લાની શિકારી ટોળકીના દસ સભ્યોને ઝડપી પાડેલ હતા. આ તમામ વિરૂધ્ધ આરએફઓ ગળચરએ વન્ય પ્રાણી સંરક્ષણ અધિનિયમની જુદી જુદી કલમો હેઠળ ગુનો સુત્રાપાડા પોલીસમાં નોંધાવેલ હતો. ત્યારબાદ આ કેસમાં વનવિભાગે તા.૧-૪-૨૧ના રોજ કોર્ટમાં ચાર્જશીટ રજુ કર્યુ હતું. બાદમાં કેસ ચાલી જતા ફરીયાદી પક્ષે ૧૮ મૌખિક પુરાવાઓ અને ૪૧ દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલ હતા. બંન્ને પક્ષોની દલીલોના અંતે સુત્રાપાડા કોર્ટ દ્વારા સજા સંભળાવવામાં આવી હતી. જેમાં આરોપીઓ (૧) હબીબ સમશેરભાઈ પરમાર (ઉ.વ.૪૮), (૨) અસ્માલ સમશેરભાઈ પરમાર (ઉ.વ.૪૩), (૩) રાજેશ મનસુખભાઈ પરમાર (ઉ.વ.૨૨), (૪) મનસુખ ગુલાબભાઈ પરમાર (ઉ.વ.૭૩), (૫) માનસીંગ ગની પરમાર (ઉ.વ.૨૮), (૬) અરવિંદ ગની પરમાર (ઉ.વ.૨૧), (૭) ભીખા સમશેર પરમાર (ઉ.વ.૫૫) તમામ રહે.થાનગઢ રૂપાવટી રોડ, તા.થાનગઢ-સુરેન્દ્રનગર વાળાઓને ઉપર મુજબના ગુનાના કામે તકસીરવાન ઠરાવી ૩ (ત્રણ) વર્ષની સાદી કેદની સજા અને દંડપેટે તમામ આરોપી દીઠ રૂા.૧૦-૧૦ હજાર દંડ ભરવાનો હુકમ કરેલ છે અને જો દંડની રકમ ન ભરે તો વધુ ત્રણ માસની સાદી કેદની સજા ફરમાવવાનો હુકમ કરેલ છે. જયારે આ ગુનામાં પકડાયેલા મણીબેન હબીબ પરમાર, સમશેર ગુલાબ પરમાર અને નુરજાહ મનસુખ પરમારને શંકાનો લાભ આપી નિર્દોષ છોડવાનો કોર્ટે હુકમ કરેલ છે. સુત્રાપાડાના ખાંભાના રેવન્યુ વિસ્તારમાં ફાસલામાં ફસાયેલ સિંહ બાળને બચાવવા અર્થે તેની માતા સિંહણએ હુમલો કરેલ જેમાં શિકારી ગેંગના એક સભ્યને પેટના ભાગે ઈજા પહોંચી હતી. ઈજાગ્રસ્ત શિકારી ૧૦૮ મારફત તાલાલાની ખાનગી હોસ્પીટલે પહોંચી પ્રાથમીક સારવાર લીધેલ તે સમયે તબીબે સિંહથી ઈજા થઈ હોવાથી તેને સરકારી હોસ્પીટલે રીફર કરેલ હતો. તેમ છતાં ઈજાગ્રસ્ત શિકારી ગેંગના સભ્યો સાથે સરકારીમાં જવાના બદલે નાસી ગયેલ હતા. જેઓને વન વિભાગના સ્ટાફએ જૂનાગઢ નજીક વડાલ ગામની સીમમાંથી ઝડપી લીધા હતા.

# મુખ્યમંત્રી દ્વારા લોકોના પડતર પ્રશ્નોના ઉકેલ માટે જૂનાગઢ તાલુકા (શહેર) સ્વાગત ઓનલાઈન ફરિયાદ નિવારણ કાર્યક્રમ યોજાશે

જૂનાગઢ, તા.૭

મુખ્યમંત્રીશ્રી દ્વારા લોકોના પડતર પ્રશ્નોના ઉકેલ માટે સ્વાગત ઓનલાઈન ફરિયાદ નિવારણ કાર્યક્રમ યોજવામાં આવે છે. જેમાં જૂનાગઢ તાલુકા(શહેર) માટે તા.૨૬/૭/૨૦૨૩ના સવારે ૧૧ કલાકે મામલતદાર અને એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ કચેરી, તાલુકા સેવા સદન સરદારબાગ, જૂનાગઢ ખાતે યોજાનાર કાર્યક્રમ માટે જૂનાગઢ તાલુકા શહેર કક્ષાના પ્રશ્નો/ફરિયાદો તા.૧૦/૭/૨૦૨૩ સુધીમાં તાલુકા મામલતદાર અને એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ, જૂનાગઢ(શહેર)ને પહોંચતા કરવા સંબંધકર્તા લોકોને વિનંતી કરવામાં આવેલ છે. અરજીના મથાળે જૂનાગઢ તાલુકા (શહેર) માટેનો સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ લખવાનું રહેશે.

મુખ્યમંત્રીનો સ્વાગત ઓનલાઈન (ફરિયાદ નિવારણ) કાર્યક્રમમાં કોઈપણ અરજદારને અરજી કરતા પહેલા ગ્રામ્યકક્ષાનો પ્રશ્ન હોય તો ગ્રામ પંચાયત તલાટી કમ મંત્રી, ગ્રામસેવકને પ્રથમ અરજી કરેલ હોવી જોઈએ અને તે અનિર્ણિત હોય, તાલુકા કક્ષાનો પ્રશ્ન હોય તો તાલુકાના જવાબદાર અધિકારીને પ્રશ્ન અંગે લેખિતમાં રજૂઆત કરેલ હોવી જોઈએ અને તે અનિર્ણિત હોય, આ કાર્યક્રમમાં રજૂ થતાં પ્રશ્નો ગ્રામ્ય અને તાલુકા કક્ષાએ જ નિર્ણય લઈ શકાય તેવા હોવા જોઈએ, આ કાર્યક્રમમાં અરજદાર જાતે રૂબરૂ પોતાના પ્રશ્નના આધાર પુરાવા સાથે રજૂઆત કરી શકશે અને આ કાર્યક્રમમાં અરજદાર એક જ વિષયને લગતી રજૂઆત કરી શકશે, સામુહિક રજૂઆતો નહિ થઈ શકે તે પ્રકારની અરજીઓ રજૂ થઈ શકશે તેમ જૂનાગઢ (શહેર) મામલતદારની યાદીમાં જણાવાયું છે.

# જૂનાગઢ ખાતે આઈજી મયંકસિંહ ચાવડાના અધ્યક્ષસ્થાને લોક દરબાર યોજાયો



જૂનાગઢ, તા.૭

જૂનાગઢ મહાનગર ખાતે જિલ્લા કલેકટર સભાખંડ ખાતે જૂનાગઢ શહેરના પ્રબુદ્ધ નાગરિકોની વિશાળ હાજરીમાં શહેરની સુખાકારી માટે વિવિધ પ્રશ્નો - ઉકેલ વિચાર વિમર્શ કરવામાં આવેલ જેમાં આગામી દિવસોમાં પવિત્ર શ્રાવણ માસ તેમજ મહોરમ પર્વ શરૂ થતા હોય જેને લઈ કાયદો વ્યવસ્થા જળવાઈ રહે, સુલેહ શાંતિ ભંગ ના થાય તે માટેના સૂચનો કરવામાં આવેલ હતા. જ્યારે મુખ્ય ટ્રાફિકના પ્રશ્નોનું નિરાકરણ આવે તે માટેના સૂચનો કરવામાં આવેલ, જ્યારે શાળા કોલેજ પાસે અસામાજીક તત્વો અડ્ડો જમાવી બેસતા હોય તેની જાહેરમાં સરભરા કરવી, ભવનાથ વિસ્તારમાં રોમિયો ગીરી કરતા તત્વોને ડામવા વગેરે સામે કડક હાથે કામગીરી કરવા સૂચનો થયા જેની સામે આઈ.જી. મયંકસિંહ ચાવડા તથા જીલ્લા પોલીસ વડા રવિ તેજા વાસમ શેટ્ટી દ્વારા ખાત્રી આપી હતી. આ બેઠકમાં મહાનુભાવો, સિપીએમના વરિષ્ઠ અગ્રણી બટુકભાઈ મકવાણા, જીલ્લા કોંગ્રેસના મહામંત્રી વી.ટી.સીડા, જીશાન હાલેપોત્રા, વહાબભાઈ કુરેશી, કાળુભાઈ સુખવાણી, કેતન દોશી, સબ્બિરભાઈ અમરેલિયા, રજાકભાઈ હાલા તેમજ વેપારી અગ્રણીઓએ હાજરી આપેલ. જ્યારે ડી.વાઈ.એસ.પી. હિતેશ ધાંધલિયા સહિતના પોલીસ અધિકારી તેમજ સ્ટાફ પણ હાજર રહેલ હતા.

# વેરાવળની દર્શન અને ન્યુ દર્શન શાળામાં ગુરૂપૂર્ણિમાની ઉજવણી થઈ

(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ, તા.૭

વેરાવળની દર્શન અને ન્યુ દર્શન શાળામાં ગુરૂપૂર્ણિમાંની ઉજવણી કરવામાં આવેલ જેમાં બાલવાટીકાથી ધો.૪ તેમજ ધો.૫ થી ૧૧ના બન્ને કાર્યક્રમોમાં અતિથિ તરીકે બ્રહ્માકુમારી વિદ્યાલયનાં જિજ્ઞાસાબેન, વિશ્વાબેન તથા નિરલબેન બોસમિયા સહીતના ઉપસ્થિત રહેલા હતા. આ કાર્યક્રમના પ્રારંભે દિપ પ્રાગટય કરવામાં આવેલ તેમજ બ્રહમકુમારી જિજ્ઞાસાબેને વિદ્યાર્થીઓને ગુરૂ વિષે જ્ઞાન આપી અને ગૂરૂપૂર્ણિમાનું મહત્વ સમજાવ્યુ હતું. આ તકે નાના ભૂલકાઓ માટે ફેન્સી ડ્રેસ સ્પર્ધા યોજાયેલ તેમાં ૭૬ ભૂલકાઓએ ભાગ લઈ અવનવા પોષાક સાથે પોતાના થીમ રજૂ કરેલ ત્યારબાદના વિદ્યાર્થી ભાઈ-બહેનોએ જુદા જુદા ડાન્સ રજૂ કરેલ અને ૨૯ જેટલાં સાંસ્કૃતિક કાર્યક્રમો અને ગુરૂપૂર્ણિમાં ઉપર વિદ્યાર્થીઓએ પોતાના વકતવ્ય રજુ કરેલ હોવાનું શાળાના સંચાલક ભુપેન્દ્ર વિઠલાણીએ જણાવેલ છે.






## જૂનાગઢમાં રાહત દરે ચોપડા વિતરણ કરાશે

જૂનાગઢ, તા.૭

રાષ્ટ્રસંત પરમ ગુરૂદેવ શ્રી નમ્રમુનિ મહારાજ પ્રેરીત અર્હમ યુવા સેવા ગૃપ જૂનાગઢ દ્વારા રાહત દરે ચોપડા વિતરણનું આયોજન કરેલ છે જેમાં તા.૯/૭/૨૦૨૩ને રવિવારના બપોરે ૪ થી ૬ દરમ્યાન રેડક્રોસ હોલ જૂનાગઢ ખાતે ચોપડા વિતરણ કરવામાં આવશે. વધુમાં બુકીંગ માટે ૯૧૩૬૪૪૨૪૯૨ અથવા અર્હમના કોઈપણ સભ્યોનો કોન્ટેકટ કરવા અને માર્કશીટની નકલ સાથે લાવવી તેમજ એક માર્કશીટ ઉપર ૧૦ ચોપડા આપવામાં આવશે તેમ એક યાદીમાં જણાવેલ છે.

# ગીર સોમનાથ જીલ્લા ભાજપના હોદેદારોએ મુખ્યમંત્રીની મુલાકાત લઈ કાર્યક્રમોની બુકલેટ અર્પણ કરી

(રાકેશ પરડવા દ્વારા)



વેરાવળ, તા.૭

ગીર સોમનાથ જિલ્લાના ભાજપ પ્રભારી રઘુભાઈ હુંબલ અને જિલ્લા ભાજપ અધ્યક્ષ મહેન્દ્રભાઈ પીઠીયાના માર્ગદર્શન હેઠળ જિલ્લા મંડળના તનામ હોદેદારો, કાર્યકર્તા મિત્રોના સહયોગથી વિશેષ અભિયાન કાર્યકમ સફળ રીતે પૂર્ણ થયેલ હતો. જેને લઈ જિલ્લા ભાજપ પ્રમુખ મહેન્દ્રભાઈ પીઠીયા અને મહામંત્રી દિલીપભાઈ બારડએ મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલની રૂબરૂ મુલાકાત કરીને ગીર સોમનાથ જિલ્લા દ્વારા વિશેષ અભિયાન કાર્યકમ સફળ રીતે પૂર્ણ કર્યાની માહિતી આપી હતી અને તમામ કાર્યક્રમોના ફોટાની બુકલેટ આપી હતી. આ તકે ગીર સોમનાથ જિલ્લાના પડતર પ્રશ્નો અંગે રજુઆત કરી હતી.

# ચાલુ વર્ષે ભારત દેશમાંથી રેકર્ડબ્રેક ૧૭ લાખ મેટ્રીક ટનથી વધુ

# ચાલુ વર્ષ ભારત દેશમાંથી રેકડબ્રેક ૧૭ લાખ મેટ્રીક ટનથી વધુ ૬૪ હજાર કરોડની કિંમતની ફિશની વિશ્વના દેશોમાં નિકાસ કરી

## યુએસએ, ચીન, યુરોપ, દક્ષિણ પૂર્વ એશિયા, જાપાન અને મધ્ય પૂર્વના દેશો મુખ્ય આયાતકારો રહ્યા : નિકાસમાં ફ્રોઝન ઝીંગા મુખ્ય રહ્યાનું મરીન પ્રોડક્ટ્સ એક્સપોર્ટ ડેવલપમેન્ટ ઓથોરિટીએ જણાવ્યું

(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ, તા.૭

ચાલુ વર્ષ ૨૦૨૨-૨૩ માં ભારત દેશમાંથી રેકર્ડબ્રેક ફિશની નિકાસ થઈ છે. જેમાં અનેક મુશ્કેલીઓ વચ્ચે પણ ભારત દેશમાંથી વિશ્વના દેશોમાં રૂા.૬૩,૯૬૯.૧૪ કરોડ (**USD** ૮.૦૯ બિલિયન)ની કિંમતની ૧૭,૩૫,૨૮૬ મેટ્રિક ટન સીફૂડ (ફીશ)ની નિકાસ થઈ છે. જે વોલ્યુમ અને મૂલ્ય (**USD** અને રૂપિયો) બંન્નેની દ્રષ્ટિએ અત્યાર સુધીની સૌથી ઉંચી નિકાસ થઈ છે. તેમાં ફ્રોઝન ઝીંગા ફિશ વસ્તુ જથ્થા અને મૂલ્ય બંન્ને દ્રષ્ટિએ મુખ્ય નિકાસ આઈટમ રહેલ જ્યારે યુએસએ અને ચીન ભારતના સીફૂડના મુખ્ય આયાતકારો હોવાનું કેન્દ્ર સરકારની એમપીડા સંસ્થાએ જણાવ્યું છે.

મરીન પ્રોડકટસ એક્ષપોર્ટ ડેવલોપમેન્ટ ઓથો. (**MPEDA**)ના અધ્યક્ષ ડી.વી.સ્વામીએ જણાવેલ કે, નાણાંકીય વર્ષ ૨૦૨૨-૨૩ માં જથ્થાની દ્રષ્ટિએ નિકાસમાં ૨૬.૭૩ %, રૂપિયાની દ્રષ્ટિએ ૧૧.૦૮ %, **USD**ની દ્રષ્ટિએ ૪.૩૧ % નો સુધારો થયો છે. ૨૦૨૧-૨૨ માં ભારત દેશમાંથી રૂા.૫૭,૫૮૬.૪૮ કરોડ (**USD** ૭,૭૫૯.૫૮ મિલિયન)ના ૧૩,૬૯,૨૬૪ **MT** સીફૂડની નિકાસ થઈ હતી. મુખ્ય નિકાસ એવી યુએસએની બજારોમાં અનેક પડકારો હોવા છતાં ૧૭,૩૫,૨૮૬ **MT** સીફૂડના જથ્થા સાથે **US$** ૮.૦૯ બિલિયનની સર્વકાલીન ઉચ્ચ નિકાસ કરવામાં દેશ સફળ રહ્યો છે. જેમાં ફ્રોઝન ઝીંગા રૂા.૪૩,૧૩૫.૫૮ કરોડ (**USD** ૫૪૮૧.૬૩ મિલિયન)ના મુલ્યનું વેચાણ થયું હતું. નિકાસની બાસ્કેટમાં સૌથી નોંધપાત્ર વસ્તુ તરીકે સ્થાન જાળવી રાખેલ જે જથ્થામાં ૪૦.૯૮ % અને કુલ ડોલરની કમાણીનો ૬૭.૭૨% હિસ્સો ધરાવે છે. ચાલુ વર્ષમાં ફ્રોઝન ઝીંગાની એકંદર નિકાસ ૭,૧૧,૦૯૯ **MT** હતી. જેમાં સૌથી મોટા બજાર યુએસએમાં ૨,૭૫,૬૬૨ **MT**, ચીન ૧,૪૫,૭૪૩ ર્, યુરોપિયન યુનિયન ૯૫,૩૭૭ **MT**, દક્ષિણ પૂર્વ એશિયા ૬૫,૪૬૬ ર્, જાપાન ૪૦,૯૭૫ **MT** અને મધ્ય પૂર્વ ૩૧,૬૪૭ **MT** નિકાસ થઈ છે. બ્લેક ટાઈગર ઝીંગાની નિકાસ ૨૦૨૨-૨૩ માં અનુક્રમે ૭૪.૦૬%, ૬૮.૬૪% અને ૫૫.૪૧% જથ્થા, રૂપિયાના મૂલ્ય અને **USD**ની દ્રષ્ટિએ વધી છે. આ ઝીંગા રૂા. ૨,૫૬૪.૭૧ કરોડ (**USD** ૩૨૧.૨૩ મિલિયન)ની કિંમતના ૩૧,૨૧૩ **MT** ની નિકાસ કરવામાં આવી હતી. યુએસડી મૂલ્યની દ્રષ્ટિએ ૨૫.૩૮% હિસ્સા સાથે જાપાન બ્લેક ટાઈગર ઝીંગા માટેનું મુખ્ય બજાર રહેલ ત્યારબાદ યુરોપિયન યુનિયન (૨૫.૧૨%) અને યુએસએ (૧૪.૯૦%) હતું.

વધુમાં બીજી સૌથી વધુ ફ્રોઝનફિશની નિકાસ થઈ હતી. આ વર્ષે ફ્રોઝન માછલીની નિકાસ જથ્થા, રૂપિયા અને **USD** મૂલ્યની દ્રષ્ટિએ અનુક્રમે ૬૨.૬૫%, ૫૮.૫૧% અને ૪૫.૭૩% વધી છે. જે રૂા.૫,૫૦૩.૧૮ કરોડ (**USD** ૬૮૭.૦૫ મિલિયન) જથ્થામાં ૨૧.૨૪% અને **USD** કમાણીમાં ૮.૪૯% હિસ્સો ધરાવે છે. બાદ ત્રીજી સૌથી મોટી નિકાસ બાસ્કેટ સુરીમી ફીશની નિકાસ થકી ૨,૦૧૩.૬૬ કરોડ (**USD** ૨૫૩.૮૯ મિલિયન), ફોરેન ઓક્ટોપસને રૂા.૭૨૫.૭૧ કરોડ (**USD** ૯૧.૭૪ મિલિયન), સુરીમી એનાલોગ ઉત્પાદનો રૂા.૫૫૮.૫૧ કરોડ (**USD** ૭૦.૩૫ મિલિયન), તૈયાર ઉત્પાદનો રૂા.૩૨૬.૪૮ કરોડ (**USD** ૪૧.૫૬ મિલિયન), ફોરેન લોબસ્ટર રૂા.૨૧૫.૧૫ કરોડ (**USD** ૨૭મિલિયન), અન્ય ઉત્પાદનો સાથે ફ્રોઝનસ્કિવડ ચોથી સૌથી મોટી નિકાસ આઈટમ રહી હતી. જેના થકી રૂા.૩૫૯૩.૭૫ કરોડ (**USD** ૪૫૪.૬૧ મિલિયન) મળ્યા હતા. જે જથ્થામાં ૪.૮૩ ટકા હિસ્સો અને ડોલરની કમાણીમાં ૫.૬૨ ટકા હિસ્સો ધરાવે છે. સ્થિર માછલીની નિકાસ રૂપિયાના મૂલ્યમાં ૨૮.૦૭% અને ડોલરના મૂલ્યમાં ૧૮.૫૮% વધી છે.

સૂકી વસ્તુઓની ૨,૫૨,૯૧૮ **MT** નિકાસના અંદાજે જથ્થામાં ૨૪૩.૨૭% અને ડૉલરની દ્રષ્ટિએ ૧૬૭.૭૦%ની જબરદસ્ત વૃદ્ધિ નોંધાઈ છે. રૂ.૩,૦૮૦.૯૨ કરોડ (૩૮૪.૦૫ **USD** મિલિયન) આવક થઈ છે. આ ટોપલી હેઠળ સૂકી માછલી અને ઝીંગાના ભોજને મળને **USD** ૩૦૭.૯૬ મિલિયનનું યોગદાન આપ્યું છે. ફ્રોઝન કટલફિશની ૫૪,૯૧૯ મેટ્રિક ટન નિકાસ થકી રૂપિયાના મૂલ્યમાં ૧૪.૦૯ % અનો **USD** મૂલ્યમાં ૫.૫૦ %ની વૃદ્ધિ દર્શાવે છે અને રૂા. ૨૩૫૩.૩૪ કરોડ (૨૯૫.૪૯ **USD** મિલિયન) આવક નોંધાઈ છે. ઠંડી વસ્તુઓની નિકાસ જે આશાસ્પદ ક્ષેત્ર તરીકે ગણવામાં આવે છે. તેમાં પણ **USD**ની દ્રષ્ટિએ ૨૦.૭૩% અને જથ્થાની દ્રષ્ટિએ ૧૨.૬૩% નો વધારો થયો છે. જયારે જીવંત વસ્તુઓની નિકાસ, ૭,૮૨૪ ર્ ૫૨ અંદાજવામાં આવી હતી. જે રૂપિયામાં ૨૪.૫૩%, **USD** મૂલ્યમાં ૧૫.૬૧% વૃદ્ધિ દર્શાવે છે.

વધુમાં વિદેશી બજારોની વાત કરીએ તો યુએસએ ૨,૬૩૨.૦૮ મિલિયન ડોલરની આયાત સાથે મૂલ્યની દ્રષ્ટિએ ભારતીય સીફૂડનો મુખ્ય આયાતકાર તરીકે રહ્યો હતો. જે **USD** મૂલ્યની દ્રષ્ટિએ ૩૨.૫૨% હિસ્સો ધરાવે છે. સુસ્ત માંગને કારણે **USD**ના સંદર્ભમાં **US**માં નિકાસ ૨૧.૯૪% ઘટી છે. ફ્રોઝન ઝીંગાએ **USD** માં ૯૨.૭૦% હિસ્સા સાથે યુએસમાં નિકાસ કરવામાં આવતી મુખ્ય વસ્તુ રહી હતી. જયારે ૧,૫૦૮.૪૩ મિલિયન ડોલરના મૂલ્યના ૪,૦૫,૫૪૭ **MT** ની આયાત સાથે જથ્થા અને **USD** બંન્નેની દ્રષ્ટિએ ચીન ભારતમાંથી બીજો સૌથી મોટા સીફૂડ નિકાસ સ્થળ તરીકે રહ્યુ હતુ. જે જથ્થામાં ૨૩.૩૭% હિસ્સો અને ડોલરની દ્રષ્ટિએ ૧૮.૬૪ % છે. ચીનની માર્કેટમાં નિકાસ જથ્થામાં ૫૧.૯૦%, રૂપિયાના મૂલ્યમાં ૩૨.૦૨% અને **USD** મૂલ્યમાં ૨૮.૩૭% વધી છે. ફ્રોઝન ઝીંગા ચીનમાં નિકાસની મુખ્ય વસ્તુ રહી હતી. જથ્થામાં ૩૫.૯૪% અને ડોલર મૂલ્યમાં ૬૦.૯૨% હિસ્સો ધરાવે છે જયારે ફ્રોઝન માછલીનો જથ્થામાં ૩૪.૮૮% અને ૧૮ ટકાનો હિસ્સો બીજા ક્રમે હતો. ચીને ફ્રોઝન ઝીંગા અને ફ્રોઝન માછલીએ જથ્થા અને મૂલ્ય બંને દ્વારા હકારાત્મક વૃદ્ધિ દર્શાવી છે.

**USD** ૧,૨૬૩.૭૧ મિલિયનની કિંમતની ૨,૦૭,૯૭૬ **MT**ની આયાત સાથે યુરોપિયન યુનિયન ત્રીજા સ્થાને રહ્યુ હતુ. ત્યાંની બજારમાં ફ્રોઝન ઝીંગાએ નિકાસની મુખ્ય વસ્તુ રહેલ જે અનુક્રમે રૂપિયા અને ડોલરના મૂલ્યમાં ૧૫.૧૨% અને ૭.૨૦% નો વધારો નોંધાઈ છે. **USD** ૧૧૯૧.૨૫ મિલિયનના મૂલ્યની ૪,૩૧,૭૭૪ **MT**ની આયાત સાથે દક્ષિણ પૂર્વ એશિયા ચોથું સૌથી મોટું બજાર રહેલ. ત્યાં ફ્રોઝન ઝીંગા નિકાસની મુખ્ય વસ્તુ રહેલ જે જથ્થા દ્વારા ૧૫.૧૬% હિસ્સો અને ૪૬.૦૮% ની વૃદ્ધિ દર્શાવી છે.



# મર્યાદા એ સ્ત્રીનું આભૂષણ છે

સ્ત્રી જ્યારથી પૃથ્વી ઉપર જન્મી છે, ત્યારથી જ તેનામાં ઈશ્વરે લાજ, શરમ, હયા તથા મર્યાદાની બેડીઓ પહેરાવી દીધી છે. સ્ત્રીમાં શરમ નામની એકજબરદસ્ત ચીજ ઈશ્વરે ભરી દીધી છે, કે જેથી તે ઈચ્છવા છતાંય શરમ નામની બેડીઓ તોડી શકતી નથી. આ ઉપરાંત માવતરના સંસ્કાર તથા આપણાં સામાજિક રીતે રિવાજોને કારણે, સ્ત્રીએ દરેક કાર્ય પોતાની મર્યાદામાં રહીને જ કરવા પડે છે. જે સ્ત્રી મર્યાદામાં રહેતી નથી, તે સ્ત્રીનું સમાજમાં કોઈ સ્થાન રહેતું નથી અને તે સ્ત્રી દરેક ઠેકાણે થી હડધૂત થતી રહે છે.

અગાઉના જમાનામાં લાજ તાણવાના કે ઘૂંઘટ ઓઢવાના રિવાજો હતા એ બહુ સારી બાબત હતી, એમાં તથ્ય હતું અને સ્ત્રીઓની સલામતી હતી. જે ઓરડામાં સસરા, મોટા જેઠ અથવા નણદોઈજી બેઠાં હોય, ત્યાં ઘરની પૂત્રવધૂઓ જઈ શકતી ન હતી પરંતુ કોઈ આકસ્મિક સંજોગોમાં તે ઓરડામાં જવું પડે તો ઘરની પૂત્રવધૂઓએ પોતાનું મોઢું ન દેખાય એ રીતે લાજ કાઢવી પડતી હતી.આના કારણે ઘરની સ્ત્રીઓ તથા પૂત્રવધૂઓની મર્યાદા જળવાતી હતી. લાજ મર્યાદાને કારણે અનૈતિક સંબંધોનું પ્રમાણ પણ નહીંવત રહેતું હતું. નારી લાજ મર્યાદામાં રહે છે તેથી જ આ સંસાર ટકી રહ્યો છે. આમ પણ સ્ત્રીનું હૃદય ફૂલથી પણ કોમળ અને વજ્રથીય કઠણ હોય છે. ફિલ્મ જગતના એક મશહૂર ગીતકારે સ્ત્રીના વખાણ કરતાં નીચે મુજબની પંક્તિઓ ટાંકી છે.

‘ નવ કલ્પના, નવ ગુણ સે, રચના રચી જબ નાર કી,
સત્યમ્, શિવમ્, સુંદરમ્ સે શોભા બઢી સંસાર કી..’

અર્થાત એ સત્ય છે, એ શિવ સ્વરૂપ છે તથા જે સુંદર છે એવી નારીની રચના ઈશ્વરે નવ પ્રકારની કલ્પના તથા નવ પ્રકારનાં ગુણો ઉમેરીને કરેલી છે અને આ નવ પ્રકારનાં ગુણોને કારણે જ નારી સન્નારી કહેવાય છે, અને સ્ત્રીની, આ સંસારમાં શોભા વધી છે.ભગવાને સ્ત્રીમાં નવ પ્રકારનાં ગુણો ઉપરાંત મર્યાદા નામનો એક વધારાનો ગુણ મૂકેલ છે અને આ એક ગુણને કારણે જ સ્ત્રીના નવગુણોમાં ભલે એકાદો અવગુણ હોય છતાં તે મર્યાદા નામના ગુણને કારણે પ્રસંશનીય બને છે. ઈતિહાસ પણ સાક્ષી છે કે દુશ્મન દેશના રાજાને તાબે થવા કરતાં, અગાઉની શીલવંત અને ખમીરવંતી સ્ત્રીઓ સમૂહમાં જૌહર (એક પ્રકારનું અગ્નિસ્નાન) કરી, પ્રાણની આહુતિ આપી, પોતાના ચારિત્ર્યની અને શીલની રક્ષા કરતી હતી. સતિ સીતાએ પણ પોતાના અબોટ ચારિત્ર્યનું પ્રમાણ આપવા માટે અગ્નિ પ્રવેશ કરી સમાજને દાખલો બેસાડયો હતો. મહાસતિ અનસૂયાએ સાધુ વેશમાં ભિક્ષા ગ્રહણ કરવા આવેલા બ્રહ્મા, વિષ્ણુ અને મહેશને નાનકડા બાળક બનાવી, પોતાની આબરૂ બચાવી હતી અને અતિથિ ધર્મ પણ બજાવ્યો હતો. આમ દરેક સ્ત્રીએ પોતાની મર્યાદા ક્યારેય લાંઘવી નહીં અને પશ્ચિમી સંસ્કૃતિનું આંધળું અનુકરણ કરવાને બદલે, આપણી ભારતીય સંસ્કૃતિને જ વળગી રહેવું જોઈએ.

**- યોગેશભાઈ આર. જોશી (હાલોલ)**

ઈન્દિરા ગાંધીએ જાતે જ આપી દીધું. ૧૯૭૧માં સારી એવી બહુમતીથી સરકાર બનાવનાર ઈન્દિરા ગાંધીએ ચૂંટણી ગરબડોના આરોપમાં પતોની સંસદ સદસ્યતા સમાપ્ત કરનારા અદાલતી ફેંસલાના જવાબમાં દેશમાં જ કટોકટી લાદી દીધી. ૨૫ જૂન, ૧૯૭૫ના રોજ લાગેલ કટોકટી જ્યારે ૧૯૭૭માં હટી અને અંતે નવી ચૂંટણીનો માર્ગ ખૂલ્યો તો જનદબાણમાં સંપૂર્ણ વિપક્ષે એક થઈને જનતા પાર્ટી નામે નવો પક્ષ બનાવ્યો. ત્યારે દેશમાં કોંગ્રેસ વિરોધી ભાવનાઓ કેટલી હદે ઉભરાતી હતી તેનું અનુમાન એનાથી જ લગાવી શકાય છે કે કોઈ વ્યાપક સંગઠનાત્મક માળખા વગર ચૂંટણી મેદાનમાં ઉતરેલી જનતા પાર્ટીને પણ જનતાએ માથે ચડાવતાં સત્તાનો જનાદેશ આપ્યો અને સર્વશક્તિમાન ઈન્દિરા ગાંધી અને કટોકટીના સૂત્રધાર તેમના પુત્ર સંજય ગાંધી સુદ્ધાં ચૂંટણી હારી ગયા.

કોંગ્રેસને ત્રીજો મોટો સફળ પડકાર સંયુક્ત વિપક્ષે ૧૯૮૯માં આપ્યો, જ્યારે રાજીવ ગાંધીની પ્રચંડ બહુમતીની સરકાર બોફોર્સ તોપ સોદામાં દલાલીના આરોપમાં ઉઠેલા તોફાનમાં હવા થઈ ગઈ. કોંગ્રેસ બીજી વખત કેન્દ્રીય સત્તાથી દૂર થઈ, પરંતુ તે ધ્રુવીકરણ એ અર્થમાં ખાસ રહ્યું કે ત્રીજી ધારાના મધ્યમમાર્ગી પક્ષોએ રાષ્ટ્રીય મોરચો બનાવ્યો. વિશ્વનાથ પ્રતાપ સિંહના નેતૃત્વવાળી સરકારે ભાજપ અને ડાબેરી મોરચાએ સમર્થન આપ્યું. નેતાઓની મહત્ત્વાકાંક્ષાની ટક્કર અને પરસ્પર ઘાત-પ્રતિઘાતને કારણે એ સરકારના હાલ પણ જનતા પાર્ટીની સરકાર જેવા જ થયા. કોંગ્રેસ કેન્દ્રીય સત્તાથી ત્રીજી વખત ૧૯૯૬માં પણ બેદખલ થઈ, પરંતુ ત્યારે ભાજપ સૌથી મોટા પક્ષ તરીકે ઊભર્યો. બહુમતથી વંચિત અટલ બિહારી વાજપેયીની સરકાર ૧૩મા દિવસે ગબડી પડવા બાદ કોંગ્રેસે સમર્થન આપીને ત્રીજી ધારાના પક્ષોના સંયુક્ત મોરચાની સરકાર બનાવી દીધી, જેણે થોડા મહિના ટકી શકનારા બે વડાપ્રધાનો આપ્યા. અને અંતે કોંગ્રેસે જ તેમને દૂર કર્યા.

૧૯૯૬ને બિનભાજપવાદનો પહેલો પ્રયોગ કહી શકાય, પરંતુ વાસ્તવમાં એ ચૂંટણી બાદની રાજકીય તડજોડ વધારે હતી, જેની શિકાર ભાજપ રહી, પરંતુ તેને જનતાની સહાનુભૂતિ પણ આવનાર બે ચૂંટણીઓમાં મળી. ત્યારબાદની રાષ્ટ્રીય રાજનીતિ મુખ્યત્વે બે ધ્રુવીય રહી. યુપીએ રૂપે એક ધ્રુવનું નેતૃત્વ કોંગ્રેસ કરતી રહી તો એનડીએ રૂપે બીજાનું નેતૃત્વ ભાજપ. વાજપેયીના નેતૃત્વમાં એનડી સરકાર ચાલી તો બાદમાં મનમોહન સિંહના નેતૃત્વમાં યુપીએ સરકાર, પરંતુ ત્રણ દાયકા બાદ ૨૦૧૪ માં કોઈ એક પક્ષ એટલે કે ભાજપને લોકસભામાં સ્પષ્ટ બહુમત મળી ગયા બાદ રાજકીય ધ્રુવીકરણની દિશા ઝડપથી બદલાઈ છે. બિનકોંગ્રેસવાદની રાજનીતિથી પેદા થયેલા પક્ષ અને જયપ્રકાશ નારાયણની સંપૂર્ણ ક્રાંતિથી બનેલ નેતા પણ પોતાની જરૂરિયાતના હિસાબે કોંગ્રેસ સાથે હાથ મિલાવતા રહે છે. ભાજપની વિરુદ્ધ વ્યાપક વિપક્ષી એક્તાની કોશિશ ૨૦૧૯ની ચૂંટણી પહેલાં પણ થઈ હતી, પરંતુ બાદમાં વિખેરાવાનું જ જોવા મળ્યું. હવે જ્યારે આગામી લોકસભા ચૂંટણીમાં એક વર્ષથી પણ ઓછો સમય છે, ત્યારે પટના બેઠક દ્વારા વિપક્ષી એક્તાની ગંભીર કોશિશો જોવા મળી છે. નેતૃત્વને બદલે ન્યૂનતમ સંયુક્ત કાર્યક્રમ અને રાજ્યવાર રણનીતિ પર ફોકસની વાત યોગ્ય માનસિકતાના સંકેત તો છે, પરંતુ કોંગ્રેસ-આપ તથા તૃણમૂલ-જાબેરીમાં અસ્તિત્વના ટકરાવથી બચતાં એક્તા મૃગ મરીચિકા વધુ લાગે છે. તેમ છતાં એ ભારતીય રાજનીતિમાં ધ્રુવીકરણની દિશા બદલાઈ જવાનું પ્રમાણ જ તો છે.

અનેક સર્વે કરવામાં આવી રહ્યા છે. લેટેસ્ટ સ્ટડી અનુસાર, જે લોકો રાત્રે બ્રશ કરવાનું ટાળે છે, અથવા ક્યારેય રાત્રે સૂતા પહેલાં બ્રશ નથી કરતાં તેઓને હૃદયરોગની સંભાવના વધુ છે. દાંતની સફાઈ કરવી માત્ર સવારે ઉઠીને જ નહીં પણ રાત્રે કરવી પણ જરૂરી છે. સાયન્ટિફિક રિપોર્ટ્સ દ્વારા પ્રકાશિત આ રિસર્ચમાં સંશોધકોએ ૧,૬૦૦ દર્દીઓ પર રિસર્ચ હાથ ધર્યુ હતું, જેઓ હોસ્પિટલમાં સારવાર લઈ રહ્યાં હતા. રિસર્ચના અંતે સંશોધકોએ નોંધ્યું કે મોંઢાની સફાઈ અને હૃદયરોગ સાથે સીધો સંબંધ છે. હોસ્પિટલમાં સર્જરી, એકઝામિનેશન અથવા મેડિકલ ટ્રીટમેન્ટ્સ લઈ રહેલા આ દર્દીઓને બે ભાગમાં વહેંચવામાં આવ્યા, જેમાંથી એક ગ્રૂપ દિવસમાં બે



વખત બ્રશ કરતા વ્યક્તિઓનું હતું, જ્યારે બીજાં ગ્રૂપમાં એવા પેશન્ટ્સ હતા જેઓ ભાગ્યે જ બ્રશ કરતાં હતા. રિસર્ચ અનુસાર, જેઓ દિવસમાં બે વખત બ્રશ કરતાં હતા તેઓના કાર્ડિયોવસ્ક્યૂલર ડિઝીઝથી બચવાના રેટ્સ એવા દર્દીઓથી ઉંચા હતા જેઓ રાત્રે બ્રશ નહોતા કરતાં. સંશોધકોએ નોંધ્યું કે, આ રિસર્ચ દરમિયાન માત્ર સ્મોકર્સ જ નહીં પણ નોન-સ્મોકર્સ પણ રાત્રે બ્રશ કરવાની વાતને સહજતાથી લેતા હતા. આ સંશોધનના મુખ્ય લેખકોએ એ બાબત પર ભાર આપ્યો કે, માત્ર સવારે ઉઠીને બ્રશ કરવાથી તમારાં દાંતની સફાઈનું કામ પુરું નથી થતું. જો દાંતને સવાર-રાત્રે યોગ્ય રીતે સાફ કરવામાં ના આવે તો ઓરલ બેક્ટેરિયા કે, સંશોધકોએ કોઈ પણ તારણ પર પહોંચતા પહેલાં આ અંગે વધુ માહિતી એકઠી કરવાની જરૂર હોવાનું જણાવ્યું છે. કારણ કે, જે ડેટા એકઠાં કરવામાં આવ્યા છે તે એવા વ્યક્તિ પર આધારિત હતા જેઓ પહેલેથી જ બીમાર હતા. વૈજ્ઞાનિકો અનુસાર, બ્રેકફાસ્ટ પહેલાં બ્રશ કરવું ખૂબ જ જરૂરી છે, પરંતુ જો તમારે કાર્ડિયોવસ્ક્યૂલર ડિઝીઝથી બચવું હોય તો તમારાં દાંતની રાત્રે પણ સફાઈ કરવી જરૂરી છે. નોંધ: આ લેખ માત્ર સામાન્ય જાણકારી માટે છે, તે કોઈ પણ પ્રકારે દવા કે ઈલાજનો વિકલ્પ હોઈ શકે નહીં. વધુ માહિતી માટે તમારાં ડોક્ટરની સલાહ લો.

ગયો છે. આવી સ્થિતિમાં તમામ મુખ્ય પાર્ટીઓએ તૈયારીઓ શરૂ કરી દીધી છે. તમામ પાર્ટીઓ જોડતોડની રાજનીતિમાં લાગી ગઈ છે. એક તરફ ભાજપ સામે ચૂંટણી મેદાનમાં એકસાથે આવવાના હેતુથી વિપક્ષી પાર્ટીઓ પણ મહાગઠબંધન બનાવવાનો પ્રયાસ કરી રહી છે. તો બીજી બાજુ ભાજપમાં પણ બેઠકોનો દોર ચાલી રહ્યો છે. સાગમટે ચાર રાજ્યોમાં પ્રદેશ અધ્યક્ષમાં ફેરફાર કર્યા બાદ હવે ભાજપ એનડીએના સાથી પક્ષો પર ધ્યાન કેન્દ્રીત કરી રહ્યું છે. આ દિશામાં હવે ૧૮મી જુલાઈએ દ્વહ્નછની મોટી બેઠક બોલાવવામાં આવી છે. સૂત્રોના જણાવ્યા અનુસાર આ બેઠક પાસવાન સામેલ થશે. ચંદ્રબાબુ નાયડુની ટીડીપી પણ બેઠકમાં ભાગ લઈ શકે છે. સુખબીર બાદલ અને ચિરાગ પાસવાને બેઠકમાં હાજરી આપવા માટે સંમતિ આપી દીધી છે. એનડીએની બેઠકમાં કેટલાક નવા પક્ષો પણ હાજરી આપી શકે છે.લોકસભાની ચૂંટણીને ધ્યાનમાં રાખીને ભાજપમાં સતત બેઠકો ચાલી રહી છે. ભાજપની ટોચની નેતાગીરીની અનેક રાઉન્ડની બેઠકો બાદ તાજેતરમાં પીએમ મોદીની અધ્યક્ષતામાં કેન્દ્રીય મંત્રી પરિષદની બેઠક પણ યોજાઈ હતી. કેન્દ્રીય કેબિનેટમાં ફેરબદલની શક્યતાને લઈને ચાલી રહેલી ચર્ચાઓ વચ્ચે આ બેઠકો થઈ ગઈ છે. ૨૩ જૂને પટનામાં ૧૭ વિપક્ષી દળોની બેઠક થઈ હતી. આ બેઠકમાં બિહારના મુખ્યમંત્રી નીતીશ કુમાર, કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે, પાર્ટીના નેતા રાહુલ ગાંધી, દ્રઝઁ ચીફ શરદ પવાર, સ્ઝ ચીફ મમતા બેનર્જી, ઈત્નદ્ઘ ચીફ લાલુ પ્રસાદ યાદવ સહિત ઘણા દિગ્ગજ નેતાઓ હાજર રહ્યા હતા. આ દરમિયાન વિરોધ પક્ષોએ સાથે મળીને ચૂંટણી લડવાની વાત કરી હતી. જોકે મહારાષ્ટ્રમાં વર્તમાન રાજકીય ઘટનાક્રમે વિરોધ પક્ષના મહાગઠબંધનની જરૂરથી ફટકો માર્યો છે. શરદ પવારની એનસીપીની ઉભી ફાડ થતા રાષ્ટ્રીય સ્તરે મહાગઠબંધનના ગણીતરમણ ભમણ થઈ ગયા છે.

## આપની આવતીકાલ કેવી જશે...?

**:: રત્નકણીકા ::**

સતત કર્મ કરતા રહેવું એજ વિશ્રામ છે.

- સ્વામી રામતીર્થ

**: આજનું પંચાંગ :**

વિક્રમ સં. ૨૦૭૯, શા. શાકે. ૧૯૪૫, પા.બહમન-૧૩૯૨, મુ. જીલ્હજ-૧૪૪૪, જૈન વીર સં.-૨૫૪૯, કચ્છી સં. ૨૦૮૦, અષાઢ વદ-૫ પંચક તા.૭ જુલાઇ ૨૦૨૩, શુક્રવાર, પારસી તા.૨૬, મુસ્લિમ તા.૧૮, શત્તતારકા નક્ષત્ર, આયુષ્માન યોગ, કૌલવ કરણ, સૂ.ઉ.૬:૧૧, સૂ.અ.૭:૩૯

આજનો દિવસ સાધારણ છે.

આજે જન્મેલા બાળકની રાશી કુંભ (ગ શ સ ષ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ: માનસિક અસ્વસ્થતા રહે. સ્વજન સાથે મતભેદ થાય.
વૃષભ: આર્થિક પ્રશ્નો ઉકેલાય. આરોગ્ય બાબતે સંભાળવું.
મિથુન: ધીરજના ફળ મીઠા જાણવા. અગત્યના કાર્યમાં વિઘ્ન આવે.
કર્ક: અકારણ મનમાં અશાંતિ અનુભવાય. મહત્વનું કાર્ય અટકે.
સિંહ: આર્થિક સમસ્યા ઉકેલાઇ જાય. તમારી ઇચ્છા ફળતી લાગે.
કન્યા: માનસિક અશાંતિ દૂર થાય. આત્મવિશ્વાસમાં વધારો થાય.
તુલા: મનની મુરાદ પૂરી થાય. ધન લાભના યોગ છે.
વૃશ્ચિક: આર્થિક સમસ્યા દૂર થાય. પ્રવાસથી લાભ થાય.
ધન: ગૃહજીવનમાં આનંદનો વધારો થાય. મહત્વની સમસ્યા ઉકેલાય.
મકર: ગૃહજીવનને લગતા કાર્યમાં સફળતા મળે. નાણાંકીય લાભ મળે.
કુંભ: આવકની તક સાંપડે. નવી ઓળખાણ લાભ આપી જાય.
મીન: પુરૂષાર્થ પ્રમાણે ફળ મળે. સંતાનવર્ગ સાથે સંઘર્ષમાં ન ઉતરવું.

# આરોગ્યમંત્રી ઋષિકેશ પટેલે આરોગ્ય વિભાગની સર્વગ્રાહી સમીક્ષા હાથ ધરી



ગાંધીનગર તા.૭

આરોગ્યલક્ષી સેવા-સુવિધાઓનું વર્ષ ૨૦૨૭ સુધીનું પ્રોજેક્શન તૈયાર કરવા મંત્રીશ્રીએ સમીક્ષા બેઠકમાં અધિકારીઓને તાકીદ કરી

આરોગ્યમંત્રી ઋષિકેશ પટેલ દ્વારા સમયાંતરે આરોગ્યવિભાગના અધિકારીઓ સાથે ગાંધીનગર ખાતે આરોગ્યલક્ષી મુદ્દે સમીક્ષા બેઠક યોજવામાં આવે છે.

બેઠકમાં થયેલ ચર્ચા અને અપાયેલ સૂચનાનું ફોલો-અપ આગામી બેઠકમાં કરાય છે.

જેના ભાગરૂપે મંત્રીએ સમીક્ષા બેઠક યોજીને વિભાગની કામગીરી, પડતર પ્રશ્નો, ભાવી આયોજન સંદર્ભે સર્વગ્રાહી સમીક્ષા હાથ ધરી હતી.

આ બેઠકમાં રાજયની સરકારી અને જી.એમ.ઈ.આર.એસ. મેડિકલ કૉલેજમા **UG, PG, CPS**ની પ્રવર્તમાન બેઠકોની સમીક્ષા કરીને પ્રોજકશન અને મેપીંગ તૈયાર કરવામાં આવ્યું હતુ.

મંત્રીએ તબીબો માટેની ઈન્સેન્ટીવ પોલીસીની પણ આ બેઠકમાં વિગતવાર સમીક્ષા હાથ ધરી હતી.

મંત્રીએ આ બેઠક સંદર્ભે વધુમાં કહ્યું કે, રાજયમાં કુપોષણને ડામવા અને તેનું પ્રમાણ ઘટાડવા માટે તાજેતરમાં ચિંતન શિબીરમાં પણ મંથન કરવામાં આવ્યું હતુ. જેનો રોડમેપ રાજ્ય સરકાર દ્વારા તૈયાર કરવામાં આવ્યો છે.

રાજયમાં પ્રવર્તમાન બાળમૃત્યુ દર ન્યુનતમ કરવા માટે રાજયમાં **SNCU(special new born care units)**ની સંખ્યા વધારીને સારસંભાળને વધું ગુણવત્તાયુક્ત બનાવવાની દિશામાં પણ તૈયારીઓ આરંભી દેવામાં આવી છે.

૧૧ મી જુલાઈ ૨૦૨૩ થી પ્રધાનમંત્રી જન આરોગ્ય-મા યોજના અંતર્ગત અપાતી રૂ. ૫ લાખના વીમા કવચની રકમ રૂ.૧૦ લાખ થવાની છે ત્યારે આ યોજનામાં પ્રવર્તમાન સ્થિતિ, એમ્પેનલ હોસ્પિટલ સંભર્ભે પણ વિગતવાર ચર્ચા હાથ ધરાઈ હતી.

રાજયના આરોગ્ય વિભાગ દ્વારા સરકારી અને જી.એમ.ઈ.આર.એસ. મેડિકલ કૉલેજને નજીકના સી.એચ.સી. સેન્ટર સાથે જોડીને આરોગ્ય સેવા, સુવિધાઓને સુદ્રઢ બનાવવાનું આયોજન હાથ ધરવામાં આવ્યું હોવાનું મંત્રીએ જણાવ્યું હતુ.

એન્ટ્રન્સ ટેસ્ટ (NEET)એ દેશની સૌથી મુશ્કેલ કોલેજ પ્રવેશ પરીક્ષાઓમાંની એક છે અને જેઓ ભારતમાં MBBS કરવા માગે છે તેમના માટે ફરજિયાત છે. જો કે, નીટની આશાસ્પદ પ્રેરણા સિંઘની વાર્તા પ્રેરણાદાયીથી ઓછી નથી. પ્રેરણા સિંઘે કુલ ૭૨૦માંથી ૬૮૬ માર્કસ સાથે NEET UG પરીક્ષા પાસ કરી જે તેણીને ભારતની ટોચની સરકારી મેડિકલ કોલેજોમાંની એકમાં પ્રવેશ મેળવવા માટે પૂરતી છે જે તેણીના પરિવાર માટે ગર્વની ક્ષણ છે અને તેનું ભાવિ ઉત્કૃષ્ટ બનશે. મેડિકલ એન્ટ્રન્સ પરીક્ષામાં અદ્ભૂત સફળતા છતાં પ્રેરણા સિંઘે ઘણી મુશ્કેલીઓને છે. તેના પિતા ઓટો-રિક્ષા ડ્રાઈવર હતા અને તેમના પરિવારના એકમાત્ર કમાણી કરતા હતા. જ્યારે પ્રેરણા તેનો અભ્યાસ કરી રહી હતી, ત્યારે તેના પિતાનું અચાનક અવસાન થયું અને કમાણીની જવાબદારી તેના ખભા ઉપર આવી ગઈ. આટલું જ નહીં પરંતુ પ્રેરણા સિંહ અને તેની માતા ઉપર ૨૭ લાખ રૂપિયાની લોનનો બોજ પણ હતો જે તેમણે કોઈપણ આવક વગર ચૂકવવાનો હતો. પ્રેરણાના પરિવાર પાસે પૂરતા પૈસા નહોતા અને ઘણીવાર તે ખાલી પેટે અભ્યાસ કરતી હતી. તેણી દરરોજ માત્ર એકટાણું ભોજન લેતી હતી જેમાં એક જ રોટલી અને ચટણી આપ્યા પછી પ્રેરણાએ દરરોજ ૧૨ કલાક અભ્યાસ કર્યો. પ્રેરણાની માતાએ તેના બાળકોના અભ્યાસ માટે લોન લીધી હતી અને હોમ લોન પણ બાકી હતી. જોકે, નીટ ટોપર્સના તમામ ઉમેદવારો શૈક્ષણિક રીતે અદ્ભૂત પ્રદર્શન કરી રહ્યા છે અને પ્રેરણા સિંઘ ડોક્ટર બનવા માટે તૈયાર છે જે સરકારી મેડિકલ કોલેજમાં પ્રવેશ મેળવે તેવી શક્યતા છે. પ્રેરણા અને તેના પરિવાર તેણીએ NEET પરીક્ષા પાસ કરી તેથી ખૂબ જ ખુશ થયો, જે તેણીને ભારતની એક પ્રીમિયર મેડિકલ ઈન્સ્ટિટ્યૂટ સંભવત AIIMSમાં પ્રવેશ મેળવશે.

સ્થાપિત કર્યા ન હતા. ત્યારથી, ખાસ કરીને તાજેતરના વર્ષોમાં, તેઓએ તેમના સંબંધો વધુ ગાઢ બનાવ્યા છે.સ્ટોક હોમ ઈન્ટરનેશનલ પીસ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટને ટાંકીને, ફૂકે જણાવ્યું હતું કે ઈઝરાયેલ ૨૦૨૧માં ભારતના ટોચના ત્રણ શસ્ત્ર સપ્લાયર્સમાં હતું. ફૂકે વધુમાં જણાવ્યું હતું કે ગલ્ફ, યુનાઈટેડ અરબ અમીરાત અને સઉદી અરેબિયા આક્રમક રીતે ભારત સાથેના સંબંધોને વિસ્તૃત કરવાના માર્ગો શોધી રહ્યા છે, જે એક નોંધપાત્ર પરિવર્તન છે કારણ કે બંને દેશો, પરંતુ ખાસ કરીને બાદમાં, લાંબા સમયથી પાકિસ્તાન સાથે જોડાયેલા છે.

સપાટીનું હવાનું તાપમાન પૂર્વ-ઔદ્યોગિક સ્તર કરતાં 1.5C કરતાં વધુ હતું. કોપરનિકસ ક્લાઈમેટ ચેન્જ સર્વિસ (C3S) એ જણાવ્યું હતું કે, ૧.૫ ડિગ્રી સેલ્સિયસ (૨.૭ ફેરનહીટ)ની અંદર લાંબા ગાળાની ગ્લોબલ વોર્મિંગ રાખવાનો લક્ષ્યાંક પહોંચની બહાર જઈ રહ્યો છે, આબોહવા નિષ્ણાતો કહે છે, જમીન અને સમુદ્ર ઉપર મહિનાઓ સુધી વિક્રમજનક ગરમી હોવા છતાં રાષ્ટ્રો વધુ મહત્વાકાંક્ષી લક્ષ્યો નક્કી કરવામાં નિષ્ફળ રહ્યા છે. જમીનનું સરેરાશ તાપમાન ૧.૫ઝ વધુ હતું અને સાથે સાથે સમુદ્રના તાપમાને એપ્રિલ અને કારણ કે આબોહવા પરિવર્તન ઝડપથી થઈ રહ્યું છે. બે સૌથી મોટા ગ્રીનહાઉસ ગેસ ઉત્સર્જકોના દૂતો આવતા મહિને મળશે, ચીનની રાજધાની બેઈજિંગમાં તાપમાને જૂનના રેકોર્ડ તોડી નાખ્યા છે અને યુનાઈટેડ સ્ટેટ્સમાં પણ ભારે હીટવેવ્સ છે. ઉત્તર અમેરિકાના ભાગોમાં આ મહિને મોસમી સરેરાશ કરતા 10C ઉપર તાપમાન હતું અને જંગલમાં પણ આગ લાગી હતી જેમાં કાર્બન ઉત્સર્જનનો રેકોર્ડ ૧૬૦ મિલિયન મેટ્રિક ટન હોવાનો અંદાજ છે. ભારતમાં પણ સતત ઊંચા તાપમાનના પરિણામે મૃત્યુમાં વધારો થયો હોવાનું કારણે ઉષ્ણતામાં વધારો થવા સાથે સમુદ્ર અને જમીનનું તાપમાન ઉચ્ચ જઈ રહ્યું છે. વૈશ્વિક સરેરાશ દરિયાઈ સપાટીનું તાપમાન માર્ચના અંતમાં 21C સુધી પહોંચ્યું હતું અને સમગ્ર એપ્રિલ અને મે દરમ્યાન વર્ષના સમય માટે રેકોર્ડ સ્તરે રહ્યું છે. ઓસ્ટ્રેલિયાની હવામાન એજન્સીએ ચેતવણી આપી છે કે ઓક્ટોબર સુધીમાં પેસિફિક અને હિંદ મહાસાગરનું તાપમાન સામાન્ય કરતાં ૩ સે વધુ ગરમ થઈ શકે છે. ગ્લોબલ વોર્મિંગ એ મુખ્ય પરિબળ છે, અને લીડ્સ યુનિવર્સિટીના કલાયમેટ ફિઝિક્સના પ્રોફેસર પિયર્સ ફોરસ્ટરે જણાવ્યું હતું કે, અલ ઈકોલોજીકલ અસર થઈ શકે છે. આબોહવા નિષ્ણાતો કહે છે કે આત્યંતિક હવામાનની હદ અને આવર્તન વધી રહ્યા છે, અને આ વર્ષે સમગ્ર વિશ્વમાં દુષ્કાળ તેમજ આફ્રિકામાં દુર્લભ અને જીવલેણ ચક્રવાત પણ જોવા મળ્યો છે. અશ્મિભૂત ઈંધણ જેવા મહત્ત્વના મુદ્દાઓ ઉપર દુબઈમાં નવેમ્બરની COP28 આબોહવા મંત્રણા પહેલા આ ચર્ચા કરવામાં આવી છે. યુનાઈટેડ સ્ટેટ્સ અને ચાઈના વચ્ચેની વાટાઘાટો આવતા અઠવાડિયે યુએસ આબોહવા રાજદૂત જોન કેરી બેઈજિંગની મુલાકાતે જઆવવાના છે તેમની સાથે ફરી શરૂ થઈ શકે છે.

## ધાર્મિક અલ્પસંખ્યકોને UCCના કાર્યક્ષેત્રમાંથી બહાર રાખવા જોઈએ : AIMPLએ કાયદા પંચને તેમના વાંધાઓ મોકલ્યા

લખનૌ, તા.૭

ઓલ ઈન્ડિયા મુસ્લિમ પર્સનલ લો બોર્ડે કહ્યું છે કે, તેણે યુનિફોર્મ સિવિલ કોડ (યુસીસી) ઉપરના તેના વાંધાઓ કાયદા પંચને મોકલ્યા છે અને માગણી કરી છે કે, માત્ર આદિવાસીઓ જ નહીં પરંતુ દરેક ધાર્મિક લઘુમતીને આ કાયદાના દાયરાની બહાર રાખવામાં આવે. બોર્ડની કાર્યકારી સમિતિએ ૨૭ જૂને કાર્યકારી બેઠકમાં UCC ઉપર તૈયાર કરેલા ડ્રાફ્ટ પ્રતિસાદને મંજૂરી આપી હતી અને તેને બોર્ડની વર્ચ્યુઅલ સામાન્ય સભામાં ચર્ચા માટે રજૂ કરવામાં આવ્યો હતો. બોર્ડના પ્રવક્તા કાસિમ રસૂલ ઈલ્યાસે પીટીઆઈને જણાવ્યું હતું કે, આ અહેવાલ સર્વસંમતિથી મંજૂર કરવામાં આવ્યો હતો, ત્યારબાદ તેને કાયદા પંચને મોકલવામાં આવ્યો છે. કાયદા પંચે વિવિધ પક્ષો અને હિતધારકોને યુસીસી સમક્ષ તેમના વાંધાઓ નોંધાવવા માટે ૧૪ જુલાઈ સુધીનો સમય આપ્યો છે. ઓલ ઈન્ડિયા મુસ્લિમ પર્સનલ લો બોર્ડ (AIMPLB)એ અગાઉ છ મહિનાનો સમય વધારવાની વિનંતી કરી હતી. ઈલ્યાસે જણાવ્યું હતું કે, બોર્ડના ૨૫૧ સભ્યોમાંથી લગભગ ૨૫૦ સભ્યોએ મીટિંગમાં હાજરી આપી હતી જેમાં તેઓને કાયદા પંચ સમક્ષ વ્યક્તિગત રીતે UCC સામે તેમના મંતવ્યો રજૂ કરવા અને તેમના સંબંધીઓ, મિત્રો અને અન્ય લોકોને તેવું કરવા માટે પ્રોત્સાહિત કરવા કહેવામાં આવ્યું હતું. AIMPLBનું માનવું છે કે, માત્ર આદિવાસીઓ જ નહીં પરંતુ દરેક ધાર્મિક લઘુમતીને UCCના કાર્યક્ષેત્રમાંથી બહાર રાખવા જોઈએ. કાયદા અંગેની સંસદીય સમિતિના અધ્યક્ષ અને ભાજપના સાંસદ સુશીલ મોદીએ સોમવારે પેનલની બેઠકમાં ઉત્તર-પૂર્વના લોકો સહિત આદિવાસીઓને કોઈપણ સંભવિત યુનિફોર્મ સિવિલ કોડ (યુસીસી)ના દાયરામાં રાખવાની હિમાયત કરી હતી. ઈલ્યાસે કહ્યું કે, ઓલ ઈન્ડિયા મુસ્લિમ પર્સનલ લો બોર્ડ હંમેશા UCCની વિરુદ્ધ રહ્યું છે. એવું માનવામાં આવે છે કે, ભારત જેવા દેશમાં બહુવિધ ધર્મો અને સંસ્કૃતિઓના લોકોનો સમાવેશ થાય છે, ત્યાં યુસીસીના નામે માત્ર એક જ કાયદો લાદવો તે લોકશાહી અધિકારોનું ઉલ્લંઘન છે. AIMPLBએ એક અગ્રણી મુસ્લિમ બિન-સરકારી સંસ્થા છે જેની રચના ૧૯૭૩માં ભારતમાં મુસ્લિમોમાં ઈસ્લામિક પર્સનલ લૉના ઉપયોગને સુરક્ષિત કરવા અને તેને પ્રોત્સાહન આપવાના ઉદ્દેશ્ય સાથે કરવામાં આવી હતી. કાયદા પંચે જાહેર અને માન્ય ધાર્મિક સંગઠનો સહિત હિતધારકો પાસેથી અભિપ્રાયો મેળવીને યુનિફોર્મ સિવિલ કોડ ઉપર નવી પરામર્શ પ્રક્રિયા શરૂ કરી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તાજેતરમાં UCC લાવવા માટે વાત કરી હતી અને આક્ષેપ કર્યો હતો કે, વિપક્ષ મુસ્લિમ સમુદાયને ગેરમાર્ગે દોરવા અને ઉશ્કેરવા માટે આ મુદ્દાનો ઉપયોગ કરી રહ્યો છે.

## મધ્યપ્રદેશના સિધીમાં પેશાબકાંડ મામલે દલિતો અને આદિવાસીઓએ ઈન્દોરમાં કર્યા દેખાવ

(એજન્સી) તા.૭

મધ્યપ્રદેશના સિધી જિલ્લામાં એક આદિવાસી યુવક ઉપર પેશાબ કરવાની ઘટનાને લઈને બુધવારે દલિતો અને આદિવાસીઓએ ઈન્દોરમાં વરિષ્ઠ વહીવટી અધિકારીની ઓફિસ સામે વિરોધ પ્રદર્શન કર્યું હતું. રાજ્યમાં અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના લોકો ઉપર વધી રહેલા અત્યાચારનો આરોપ લગાવતા પ્લેકાર્ડ લહેરાવતા દેખાવકારોએ સૂત્રોચ્ચાર કર્યા હતા. આ પ્રદર્શનનું એલાન ઓલ ઈન્ડિયા બલાઈ ફેડરેશન દ્વારા જાહેર કરવામાં આવ્યું હતું. ફેડરેશનના પ્રમુખ મનોજ પરમારે પત્રકારોને જણાવ્યું હતું કે, 'પ્રવેશ શુક્લાએ સિધી જિલ્લામાં એક આદિવાસી યુવક પર પેશાબ કરીને સમગ્ર દેશને શરમમાં મૂક્યો છે. શુક્લાને સખત સજા થવી જોઈએ. જો શક્ય હોય તો તેને ફાંસી આપી દેવી જોઈએ.' તેમણે આરોપ લગાવ્યો કે, રાજ્યમાં અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના લોકો હજુ પણ જાતિના ભેદભાવને કારણે અત્યાચારોનો સામનો કરી રહ્યા છે.

## પડતર કેસોનું મોનિટરિંગ, સંકલન ઝડપી નિકાલ માટે ઉચ્ચ સમિતિ રચાશે

### ૧૫ દિવસમાં મેપિંગ કરવા તમામ નોડલ અધિકારીઓને કરાઈ તાકીદ

ગાંધીનગર, તા.૭

હાઈકોર્ટમાં રાજ્ય સરકારના ઘણા પડતર કેસો છે અને તેનો લઈ સરકાર હવે હરકતમાં આવી છે. સરકારના આ પડતર કેસોને લઈ અગત્યનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ પડતર કેસોનું સતત મોનિટરીંગ, સંકલન તેમજ ઝડપી નિકાલ માટે એક ઉચ્ચસ્તરીય સમિતીનું ગઠન કરવામાં આવશે. હાઈકોર્ટમાં રાજ્ય સરકારના પડતર કેસોના ઝડપી નિકાલ માટે કાયદા વિભાગ દ્વારા બનાવવામાં આવેલ IILMS (INTEGRATED INSTITITIONAL LITIGATION MANAGEMENT SYSTEMની ઉપયોગીતાને અસરકારક બનાવવામાં આવશે તેમ જણાવતા પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે આ અંગે વધુમાં ઉમેર્યુ કે, રાજય સરકારના તમામ વિભાગઓ અને નોડલ અધિકારીઓ સાથે ગાંધીનગર ખાતે આ વિષય સંદર્ભેબેઠક પણ યોજવામાં આવી હતી. આ બેઠકમાં દરેક વિભાગના નોડલ અધિકારીની નિમણૂંક તથા IILMSમાં એકાઉન્ટ કાર્યરત કરવાની કાર્યવાહી સત્વરે હાથ ધરવા માટે સૂચના આપવામાં આવી હતી જેના માટે દરેક નોડલ અધિકારીઓને IILMSની ઉપયોગીતા માટે પુર્નઃ તાલીમ પણ આપવામાં આવશે. આ સિસ્ટમમાં દરેક વિભાગોએ તેમના વિભાગના તમામ કોર્ટ કેસોનું મેપીંગ કરવાનું રહેશે. તેમજ તેઓએ તાબાની તમામ કચેરીઓની વિગતો પણ કાયદા વિભાગને પૂરી કરવાની રહેશે. આ સંદર્ભમાં હાલ પડતર કેસોને મહત્તમ ૧૫ દિવસમાં મેપીંગ કરવા માટેની સૂચના પણ મંત્રીએ આપી હતી. આ બેઠકમાં કાયદા વિભાગ દ્વારા જે કેસોમાં સુપ્રીમ કોર્ટમાં એસ.એલ.પી. ફાઈલ કરવા સૂચના આપી તેવા કેસોમાં એસ.એલ.પી. ફાઈલ કરવાની બાકી હોય તેવા કેસોની માહિતી કાયદા વિભાગને સત્વરે પૂરી પાડવા તમામ વિભાગના નોડલ અધિદારીઓને તાકીદ પણ કરી હતી. સરકારી કચેરીના લાયઝન ઓફિસર દ્વારા વિભાગ પાસે માંગવામાં આવતી તમામ માહિતી IILMS સિસ્ટમ દ્વારા જ પૂરી પાડવામાં આવે તેવી તાકીદ પણ મંત્રી દ્વારા કરવામાં આવી હતી.

### પ્રવાસનું દૂરદર્શન ઉપર ૬ ભાષામાં પ્રસારણ થશે

## ભારત-વિન્ડીઝની બધી મેચો દૂરદર્શન ઉપર ફ્રીમાં જોઈ શકાશે

નવી દિલ્હી, તા.૭

ભારતીય ટીમ હાલ વેસ્ટઈન્ડિઝના પ્રવાસે છે જ્યાં ટીમ બે ટેસ્ટ, ત્રણ વન-ડે અને પાંચ મેચોની ટી-૨૦ સિરીઝ રમશે. આ સિરીઝ પહેલા ક્રિકેટ પ્રશંસકો માટે મોટી ભેટ એ છે કે ભારત-વેસ્ટઈન્ડિઝ સિરીઝની બધી મેચ ફ્રીમાં જોઈ શકાશે. ટીમ ઈન્ડિયાના વેસ્ટઈન્ડિઝ પ્રવાસનું દૂરદર્શન ઉપર ૬ ભાષામાં પ્રસારણ થશે. એક મહિના સુધી ચાલનારી દ્વિપક્ષીય સિરીઝ ૧૨ જુલાઈથી ૧૩ ઓગસ્ટ સુધી રમાશે. ડીડી દર્શકોને પોતાની ભાષામાં મેચ જોવાનો વિકલ્પ આપશે. ટી-૨૦ અને વન-ડે સિરીઝનું પ્રસારણ હિન્દી, અંગ્રેજી, તમિલ, તેલુગુ, બાંગ્લા અને કન્નડમાં ડીડી સ્પોર્ટસની સાથે સાથે નેટવર્કની ક્ષેત્રીય ચેનલો ઉપર કરવામાં આવશે. ટેસ્ટ મેચોનું પ્રસારણ ડીડી સ્પોર્ટસ ઉપર કરવામાં આવશે. ડીડી સ્પોર્ટસ ઉપર પ્રાથમિક પ્રસારણ હિન્દી અને અંગ્રેજીના સંયોજનમાં થશે. ડબ્લ્યુટીસી ફાઈનલમાં હાર બાદ આ પહેલીવાર હશે જ્યારે ટીમ ઈન્ડિયા એકશનમાં હશે. પ્રાથમિક મીડિયા અધિકાર ધારકના રૂપમાં ફૈનફોર્ડ પૂરી સિરીઝને પોતાના ડિજિટલ પ્લેટફોર્મ ઉપર સ્ટ્રીમ કરશે.

# SVPI એરપોર્ટ ઉપર વિવિધ પ્રકારના વિમાનોની ઉંચી ઉડાન, એક જ વર્ષમાં ૧૫૦થી વધુ પ્રકારના વિમાનોને હેન્ડલ કર્યા









અમદાવાદ, તા.૭

અમદાવાદ સ્થિત સરદાર વલ્લભભાઈ પટેલ ઈન્ટરનેશનલ એરપોર્ટ ઉત્તરોત્તર વિકાસની હરળફાળ ભરી રહ્યું છે. ઉડ્ડયન ઉદ્યોગ અને પેસેન્જર ટ્રાફિકમાં ભારે વૃદ્ધિ સાથે એરપોર્ટે અનેક સિમાચિહ્નો હાંસલ કર્યા છે. એક જ વર્ષમાં એરપોર્ટે ૧૫૦થી વધુ વિવિધ પ્રકારના એરક્રાફ્ટ્સને સેવાઓ પૂરી પાડી છે. વિકાસરત ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને સુવિધાઓને કારણે કેટલાક વિમાનોએ તો અમદાવાદમાં સૌ પ્રથમ વખત ઉતરાણ કર્યુ. સતત વિકસતી ઈન્ફ્રાસ્ટ્રક્ચર સુવિધાઓ સાથે એરક્રાફટસ, પેસેન્જર અને કામદારોની સુરક્ષાને પ્રાધાન્ય આપવું એ પણ **SVPIA**ની વિકાસયાત્રાનું અભિન્ન અંગ છે. ગત વર્ષે અમદાવાદ એરપોર્ટે માઈક્રોલાઈટથી લઈને વિશાળકાય એરક્રાફ્ટ્સને ઉત્કૃષ્ટ સેવાઓ પૂરી પાડી છે.

વિશ્વપ્રવાસે નીકળેલા માર્ક રધરફોર્ડે શાર્ક એરોએ **UL** સાથે વિક્રમી યાત્રા માટે ઉડાનભરી તે ખુબ જ યાદગાર પ્રસંગ હતો. કેટલાક નોંધપાત્ર એરક્રાફ્ટ્સમાં એરબસ ૩૫૦ અને બોઈંગ ૭૮૭-૮ ડ્રીમલાઈનરની ફીકવન્સીઝ વધી રહી છે. અમદાવાદ એરપોર્ટ ખાતે અવારનવાર આવતા મોટા કાર્ગો પ્લેનમાં એન્ટોનોવ-૧૨૪ અને આઈકોનિક એરબસ બેલુગાનો સમાવેશ થાય છે. એ વિમાનો પેસેન્જર્સ માટે, કાર્ગો પરિવહન માટે કે રિફ્યુઅલિંગ માટે રોકાણ કરતા હોય છે.

લાંબી યાત્રા દરમ્યાન અમદાવાદ એરપોર્ટ પસંદગીનું એરપોર્ટ બની રહ્યું હોય તેમ લાગે છે. એરબસ બેલુગાનું રિફ્યુઅલિંગ સ્ટોપ તેનો પુરાવો છે. **SVPIA** વિવિધ પ્રકારના એરક્રાફટને સમાવવા માટે હંમેશા સુસજ્જ રહે છે. વિગત વર્ષોમાં એરપોર્ટ ટર્મિનલ ઉપલબ્ધ જગ્યાના સમાવેશી ઉપયોગ સાથે સતત અપગ્રેડ થઈ રહ્યા છે. અમદાવાદ એરપોર્ટના રનવે, ટેક્સીવે અને એપ્રોન્સનું પણ નવીનીકરણ કરવામાં આવ્યું છે. સરદાર વલ્લભભાઈ પટેલ ઈન્ટરનેશનલ એરપોર્ટ યુનાઈટેડ આરબ અમીરાત – અલફુરસન (એરમાચી **MB-339NAT**), દક્ષિણ કોરિયા –બ્લેક ઈગલ્સ (**KAIT-50B** ગોલ્ડન ઈગલ), આપણા દેશનું ગૌરવ સૂર્ય કિરણ (**BAE** હોક **Mk.132**) અને સારંગ (**HAL Dhruv**) માટે પણ સ્ટોપઓવર પસંદગી બની ગયું છે. જેના કારણે ઉડ્ડયન ઉદ્યોગમાં તેને મહત્વનુ સ્થાન મળ્યું છે.

અમદાવાદ એરપોર્ટે **IL 76, IL 78, C 17** ગ્લોબમાસ્ટર, **C 130, DO 228, EMB** અને જયારે જરૂર પડે ત્યારે સંરક્ષણ એરક્રાફટ મૂવમેન્ટ સહિત વિવિધ વાઈડ-બોડી એરક્રાફટને સફળતાપૂર્વક હેન્ડલ કર્યા છે. **SVPIA** ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટથી લઈને યાત્રીઓની શ્રેષ્ઠ સેવા માટે તત્પર રહે છે. અમદાવાદ અને આસપાસના વિસ્તારોના વિકાસ અને પ્રગતિને વેગ આપવા એરપોર્ટ પ્રતિબદ્ધ છે. મુસાફરો અને ઉત્સાહી હવાઈયાત્રીઓને એરપોર્ટ ખુબ જ રોમાંચક અને ગતિશીલ અનુભવ આપી રહ્યું છે. એરપોર્ટ એરક્રાફટની વિશાળ શ્રેણીની ટ્રાફિક ક્ષમતાનો વિસ્તાર કરી રહ્યું છે.

## યુએસની સુરક્ષા પરિષદમાં કર્ટ કેમ્પબેલનું નિવેદન

# માનવઅધિકારો મુદ્દે યુએસ ભારતને ઉપદેશ ન આપી શકે

### ભારત-અમેરિકા વચ્ચેના સબંધોમાં ચીનનો મુદ્દો એક માત્ર મુદ્દો નથી કે જેના આધારે સબંધોની દિશા નક્કી થઈ છે

વોશિંગ્ટન, તા.૭

ભારત અને અમેરિકા વચ્ચે મજબૂત થઈ રહેલા સબંધોની વચ્ચે અમેરિકાની રાષ્ટ્રિય સુરક્ષા પરિષદમાં ઈન્ડો-પેસિફિક રિજનના કો ઓર્ડિનેટર કર્ટ કેમ્પબેલે ભારતના સમર્થનમાં એક મહત્વનુ નિવેદન આપ્યુ છે.

કેમ્પબેલને જ્યારે ભારતમાં ... આદર્શ નથી. દરેકમાં કોઈને કોઈ ખામી હોય છે. મને નથી લાગતુ કે અમેરિકા બીજા કોઈ દેશને લેક્ચર આપી શકે તેવી સ્થિતિમાં છે.

ભારતે રશિયા અને યુક્રેન વચ્ચેના યુધ્ધમાં અપનાવેલા તટસ્થ વલણ અંગે કેમ્પબેલે કહ્યુ હતુ કે, આપણે જોયુ છે કે ભારતે ... ચિંતિત છે અને તેમનુ માનવુ પણ છે કે, યુધ્ધમાં કેટલીક બાબતોમાં રશિયાનુ વલણ નિંદનીય રહ્યુ છે.

તેમણે કહ્યુ હતુ કે, ભારત અને અમેરિકા વચ્ચેના સબંધોમાં ચીનનો મુદ્દો મહત્વનો છે પણ આ એક માત્ર મુદ્દો નથી કે જેના આધારે બંને દેશના સબંધોની દિશા નક્કી થઈ છે, એવી ઘણી

## સામાન્ય લોકો માટે જીવનનિર્વાહ મુશ્કેલ બન્યો

# શાકભાજીના ભાવ બાદ હવે ચોખાના ભાવ વધવાની શક્યતા

### આતંરરાષ્ટ્રીય બજારમાં ચોખાના ભાવ ૧૧ વર્ષની ટોચ પર પહોંચ્યા છે, હવે તે ભારતમાં પણ રંગ બદલી શકે છે



નવી દિલ્હી, તા.૭

દેશમાં ખાવા-પીવાની વસ્તુઓના ભાવ એટલા વધ્યા છે કે, સામાન્ય માણસનું જીવવું મુશ્કેલ બની ગયુ છે. તે પછી ટામેટા, લીંબુ હોય કે પછી દાળ બધાના ભાવ આસમાને પહોંચ્યા છે. આતંરરાષ્ટ્રીય બજારમાં ચોખાનો ભાવ ૧૧ વર્ષની ટોચ પર પહોંચી ગયો છે. અને હવે તે ... કારણે ભારતમાં ચોમાસાના વરસાદ પર સંકટ છે. જેની અસર ખેતી પર પડી રહી છે. તેનાથી ચોખાની ઉપજને અસર થવાની ધારણા છે. ભારત વિશ્વના સૌથી મોટા ચોખાના નિકાસકારોમાંનું એક છે અને અન્ય કોમોડિટીની સાથે આવો ભાવ વધારો એશિયા અને આફ્રિકાના ગરીબ વર્ગને તેમની પ્લેટમાંથી ચોખા ગાયબ ... રશિયા-યુક્રેન યુદ્ધને કારણે તે વિશ્વભરમાં મોંઘવારીને થોડી વધુ ગરમી આપી શકે છે. વિશ્વના ૩ અબજથી વધુ લોકો માટે ચોખા મુખ્ય ખોરાક છે. તેનું ૯૦ ટકાથી વધુ ઉત્પાદન એશિયામાં છે. ચોખાની ખેતી માટે પુષ્કળ પાણીની જરૂર પડે છે અને અલ-નીનોના કારણે આ વર્ષે એશિયા અને આફ્રિકા વિસ્તારમાં ... સ્તર છે જ્યારે નવી સિઝનમાં ... નવેમ્બર મહિનામાં લેવામાં આવે ...

રિજનના કો ઓર્ડિનેટર કર્ટ કેમ્પબેલે ભારતના સમર્થનમાં એક મહત્વનુ નિવેદન આપ્યુ છે.

કેમ્પબેલને જ્યારે ભારતમાં માનવાધિકારોના મુદ્દા પર સવાલ કરવામાં આવ્યો ત્યારે તેમણે કહ્યુ હતુ કે, ભારતની જેમ અમેરિકા સમક્ષ પોતાના પડકારો અને સમસ્યાઓ છે. બધા દેશ

ભારતે રશિયા અને યુક્રેન વચ્ચેના યુધ્ધમાં અપનાવેલા તટસ્થ વલણ અંગે કેમ્પબેલે કહ્યુ હતુ કે, આપણે જોયુ છે કે, ભારતે આયુધ્ધમાં સૈધ્ધાંતિક વલણ લીધુ છે. પીએમ મોદીએ યુક્રેનના લોકોને જે પરેશાની ભોગવવી પડી રહી છે તે અંગે ચિંતા વ્યક્ત કરી છે. ભારત આ યુધ્ધને લઈને ચીનનો મુદ્દો મહત્વનો છે પણ આ એક માત્ર મુદ્દો નથી કે જેના આધારે બંને દેશના સબંધોની દિશા નક્કી થઈ છે. એવી ઘણી વાતો છે કે જે બંને દેશના સબંધોને વધારે મજબૂતી પ્રદાન કરી રહી છે અને પીએમ મોદીએ તાજેતરના પ્રવાસ દરમિયાન આ બાબત જોવા પણ મળી હતી.

બધાના ભાવ આસમાને પહોંચ્યા છે. આતંરરાષ્ટ્રીય બજારમાં ચોખાનો ભાવ ૧૧ વર્ષની ટોચ પર પહોંચી ગયો છે. અને હવે તે ભારતમાં પણ રંગ બદલી શકે છે. આવી સ્થિતિમાં ક્યાંક એવું ના બને કે, તમારે 'દાળ-ભાત' ખાવાના ફાંફા પડી જાય. આ વર્ષે અલ-નીનોની સ્થિતિ સર્જાવાને એક છે અને અન્ય કોમોડિટીની સાથે આવો ભાવ વધારો એશિયા અને આફ્રિકાના ગરીબ વર્ગને તેમની પ્લેટમાંથી ચોખા ગાયબ કરવા અથવા વધુ પૈસા ચૂકવવા મજબૂર કરી શકે છે. વિશ્વની ચોખાની નિકાસમાં ભારતનો હિસ્સો ૪૦ ટકાથી વધુ છે. વર્ષ ૨૦૨૨માં ભારતે ૫૬ મિલિયન ટન ચોખાની નિકાસ કરી હતી પરંતુ આ વર્ષે ઓછા સપ્લાયને કારણે તેની કિંમતો વધી રહી છે.

ચોખાના ખેતી માટે પુષ્કળ પાણીની જરૂર પડે છે અને અલ-નીનોના કારણે આ વર્ષે એશિયા અને આફ્રિકા વિસ્તારમાં ચોમાસાની સ્થિતિ ચિંતાજનક બની છે. આ હવામાનની અસર ચોખાના ભાવ પર પડે તે પહેલા જ વૈશ્વિક બજારમાં તેની કિંમતો ૧૧ વર્ષની ટોચે પહોંચી ગઈ છે. ભારતમાંથી નિકાસ થતા ચોખાના ભાવમાં ૯ ટકાનો વધારો થયો છે. આ ૫ વર્ષનું ઉચ્ચ



સ્તર છે જ્યારે નવી સિઝનમાં સરકારે ચોખાના ખેડૂતોને ૭ ટકા વધુના દરે લઘુત્તમ ટેકાના ભાવ આપવાનું કહ્યું છે. આ કારણે સ્થાનિક બજારમાં પણ ચોખા મોંઘા થવાની ધારણા છે. ચોખાના ભાવમાં નવેમ્બરની આસપાસ ઘટાડો આવવાની શક્યતા છે. ભારતમાં ચોખાનો બીજો પાક નવેમ્બર મહિનામાં લેવામાં આવે છે. પછી સારી ઉપજને કારણે ભાવ નીચે આવી શકે છે. સરકારી ડેટા પ્રમાણે ઉનાળાની ઋતુમાં ચોખાનું વાવેતર ગયા વર્ષની સરખામણીમાં ૨૬ ટકા ઓછું રહ્યું છે. બીજી તરફ આ વર્ષે ચોમાસાનો વરસાદ પણ ૮ ટકા ઓછો છે.

# રાજકોટનાં જન્માષ્ટમી લોકમેળાનો ૪ કરોડ રૂપીયાનો વિમો ઉતારવામાં આવશે

## દર વર્ષની સરખામણીએ આ વર્ષે લોકમેળો મોંઘો બનશે

રાજકોટ,તા.૭

સૌરાષ્ટ્રનાં સૌથી મોટા જન્માષ્ટમી લોકમેળાની રાજકોટમાં તૈયારીઓ શરૂ કરવામાં આવી છે. શહેરનાં રેસકોર્ષ ગ્રાઉન્ડમાં યોજાનાર લોકમેળાને આ વખતે રસરંગ લોકમેળો નામ આપવામાં આવ્યું છે. જે આગામી ૫ સપ્ટેમ્બરથી ૯ સપ્ટેમ્બર સુધી યોજાશે. જોકે દર વર્ષની સરખામણીએ આ વર્ષે મોંઘવારી વધતાની સાથે લોકમેળાની મજા પણ મોંઘી બનવાની છે. જિલ્લા કલેક્ટર પ્રભવ જોશીએ પત્રકાર પરિષદમાં જણાવ્યું હતું કે, દર વર્ષ કરતા આ વખતે લોકમેળામાં સુવિધાઓમાં વધારો કરવામાં આવ્યો છે. ચાલુ વર્ષે યોજાનાર મેળામાં રાઈડ્સ માલિકોની રજૂઆતના પગલે નાની ચકરડીના ભાવમાં રૂ.૧૦નો વધારો કરી રૂ. ૩૦ વસુલ કરવામાં આવશે. જ્યારે મોટા ફજર અને રાઈડ્સના ભાવ જે રૂ. ૩૦ રૂપિયા હતા તે વધારીને રૂ. ૪૦ કરવામાં આવ્યા છે. રાજકોટ જીલ્લા કલેક્ટર પ્રભવ જોશીએ જણાવ્યું હતું કે, પાંચ દિવસીય લોકમેળામાં દર વર્ષે ૧૦થી ૧૨ લાખ લોકોની જનમેદની આવતી હોય છે. જેને ધ્યાનમાં રાખીને દર વર્ષની જેમ ચાલુ વર્ષે પણ લોકમેળાનું વિમા કવચ લેવામાં આવ્યું છે. આ વર્ષે ૪ કરોડ રૂપીયાનો વિમો લોકમેળાનો ઉતારવામાં આવશે. લોકમેળામાં લોકોને ધંધો રોજગાર મળી રહે તે માટે ૩૫૫ સ્ટોલ અને પ્લોટની ફાળવણી લોકમેળા સમિતિ દ્વારા શરૂ કરવામાં આવી છે. ૩૫૫ સ્ટોર અને પ્લોટ પૈકી ૧૭૮ સ્ટોલ રમકડાના, ૧૪ સ્ટોલ ખાણી પીણી તેમજ મધ્યમ ચકરડીના ૪ પ્લોટ, નાની ચકરડીના ૪૮ પ્લોટ ડ્રો સિસ્ટમથી ફાળવવામાં આવશે. જ્યારે કે ખાણીપીનીના ૩૭ સ્ટોલ, યાંત્રિકના ૪૪ પ્લોટ અને આઈસ્ક્રીમના ૧૬ પ્લોટની હરાજીથી ફાળવણી કરવામાં આવશે. ચાલુ વર્ષે લોકમેળાના નામ માટે લોકો પાસે થી સુચનો મંગાવવામાં આવ્યા હતા. રેસકોર્ષનાં લોકમેળાનું દર વર્ષે અલગ અલગ નામ રાખવામાં આવે છે. ચાલુ વર્ષે રસરંગ નામની પસંદગી કરવામાં આવી છે. જિલ્લા વહીવટી તંત્ર દ્વારા ૧૯૮૪ થી પ્રતિ વર્ષ લોકમેળો શાસ્ત્રી મેદાન યોજવામાં આવતો હતો. પરંતુ સૌરાષ્ટ્રભરમાંથી લોકોની જનમેદની આવતી હોવાથી



ગ્રાઉન્ડ ટૂંકુ પડવા લાગ્યું હતું. જેથી વર્ષ ૨૦૦૩ થી રેસકોર્સ મેદાન ખાતે લોકમેળો યોજવામાં આવી રહ્યો છે.

## IIT ટેકનિકલ શિક્ષણની દ્રષ્ટિએ સૌથી પ્રતિષ્ઠિત સંસ્થા

# તાંઝાનિયામાં આઈઆઈટી સ્થાપવા માટે કરાર થયા

## તાંઝાનિયા-ભારત વચ્ચે વ્યૂહાત્મક ભાગીદારીને માન્યતા આપતા શૈક્ષણિક ભાગીદારીને ઔપચારિક રૂપ અપાયું

નવી દિલ્હી, તા.૭

આઈઆઈટી ટેકનિકલ શિક્ષણની દ્રષ્ટિએ દેશની સૌથી પ્રતિષ્ઠિત સંસ્થા છે. હવે તેનું કેમ્પસ દેશની બહાર પણ ખુલવાનું છે. દેશની બહાર પ્રથમ આઈઆઈટી કેમ્પસ આફ્રિકન દેશ તાંઝાનિયા, ઝંઝીબારમાં ખોલવામાં આવ્યું હતું. આ સંદર્ભમાં, શિક્ષણ મંત્રાલય (એમઓઈ), આઈઆઈટી મદ્રાસ અને તાંઝાનિયા-ઝંઝીબાર શિક્ષણ અને વ્યવસાયિક તાલીમ મંત્રાલય વચ્ચે ૫ જુલાઈના રોજ એક એમઓયુ (મેમોરેન્ડમ ઑફ અન્ડરસ્ટેન્ડિંગ) પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા.

આ પ્રસંગે ઝંઝીબારના પ્રમુખ ડૉ. હુસૈન અલી મ્વિન્ની અને ભારતીય વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકર ઉપસ્થિત રહ્યા હતા. મંત્રાલય દ્વારા જારી કરાયેલા રિલીઝ પ્રમાણે તાંઝાનિયા અને ભારત વચ્ચેની વ્યૂહાત્મક ભાગીદારીને માન્યતા આપતા શૈક્ષણિક ભાગીદારીને ઔપચારિક રુપ આપવામાં આવ્યુ છે. આ ભાગીદારી હેઠળ, આઈઆઈટી મદ્રાસ ઝંઝીબારમાં આઈઆઈટી કેમ્પસ ખોલશે અને ઓક્ટોબર ૨૦૨૩થી ત્યાં કાર્યક્રમ શરૂ કરવાની યોજના છે.

આઈઆઈટી મદ્રાસ વિદ્યાર્થીઓની પસંદગી, શૈક્ષણિક કાર્યક્રમ, અભ્યાસક્રમ અને શૈક્ષણિક વિગતોનું કામ સંભાળશે, જ્યારે તેને ચલાવવાનો સમગ્ર ખર્ચ ઝંઝીબાર-તંઝાનિયા સરકાર દ્વારા ઉઠાવવામાં આવશે. અહીં ભણનારા વિદ્યાર્થીઓને આઈઆઈટી મદ્રાસની ડિગ્રી મળશે. આફ્રિકા સહિતના અન્ય દેશોની સાથે ભારતીય વિદ્યાર્થીઓને પણ અહીં અભ્યાસ માટે અરજી કરવાની તક મળશે. એનઈપી ૨૦૨૦ હેઠળ વિદેશમાં કેમ્પસ ખોલવા માટે પ્રમોશન આપવામાં આવી રહ્યું છે. નવી શિક્ષણ નીતિ હેઠળ ભારતીય શૈક્ષણિક સંસ્થાઓને વિદેશમાં કેમ્પસ ખોલવા માટે પ્રોત્સાહિત કરવામાં આવી રહ્યા છે.

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (એનઈપી) ૨૦૨૦નું ફોકસ આંતરરાષ્ટ્રીય પર છે અને સાથે સાથે ભલામણ પણ કરે છે કે, દેશની શ્રેષ્ઠ યુનિવર્સિટીઓને અન્ય દેશોમાં કેમ્પસ સ્થાપવા માટે પ્રોત્સાહિત કરવામાં આવે.

આઈઆઈટી મદ્રાસ આફ્રિકા ખંડમાં તેનું કેમ્પસ ખોલી રહ્યું છે. તેનાથી વિશ્વભરમાં દેશની પ્રતિષ્ઠા અને રાજદ્વારી સંબંધોમાં વધારો થશે. આ ઉપરાંત તે આઈઆઈટી મદ્રાસના શિક્ષણ અને સંશોધનની ગુણવત્તાને પણ મજબૂત કરશે.

# વિકૃતિથી કઈ રીતે બચાવશે સંસ્કૃતિ

એક વિધુર દ્વારા ૫ વર્ષની બાળકી ઉપર બળાત્કાર, એક યુવાન દ્વારા પશુ સાથે શ્રુષ્ટિ વિરૂધ્ધનું કૃત્ય, ૭ વર્ષના બાળકને ફોન ન મળતા આપઘાત, ૧૭ વર્ષની યુવતી દ્વારા સહજાતીય સંબંધ, આવા અનેક સમાચારો આપણે સહુ પ્રિન્ટ અથવા તો ડિજિટલ મીડિયામાં વાંચીએ અથવા સાંભળીએ જ છીએ એ વાતમાં તો કોઈ બે મત નથી. પૂજ્ય ડો.જ્ઞાનવત્સલ સ્વામીના પ્રવચનની એ ૨ લાઈન મારા મગજમાં ગાંઠ બાંધીને ઉતરી ગઈ છે કે આ બોમ્બસ અને મિસાઈલ્સ કોઈ અભણ કે ડફોળ નથી બનાવતા પરંતુ ધે આર સમ ઓફ ધ ફાયનેસ્ટ ગ્રેજ્યુએટ્સ ઔર સાયન્ટિસ્ટ ફ્રોમ વેલ નોન યુનિવર્સિટી ઓફ વર્લ્ડ એટલે કે તે બધા ખુબજ હોશયાર અને ખ્યાતનામ કોલેજ કે યુનિવર્સીટીમાંથી ઉત્તીર્ણ થયા છે, પરંતુ ભણતરની સાથે સમજણ નથી એટલે ૧૮-૧૮ કલાક આ માનવજાતિને નષ્ટ કરવા માટે કામ કરી રહ્યા છે. હવે જરાક તમે તમારી આજુ બાજુ તાપસ કરો તો, તમને પણ ક્યાંક ને ક્યાંક આવો એકાદ કિસ્સો મળી જ આવશે, હવે તમે કેશો કે સમસ્યા તો તમે કહી દીધી એ તો અમે પણ જાણીએ જ છીએ તો શું છે આનું સમાધાન.... સમાધાન છે, તમને કાદચ ઓર્થોડોક્સ લાગશે તો પણ ચાલો કહી જ દવ, હું વચ્ચે વચ્ચે અંગ્રેજી એટલે બોલું છું કેમ કે હું અંગ્રેજી પણ જાણું જ છું પરંતુ ગુજરાતી એ મને મનગમતી અને માનીતી ભાષા છે, કારણ કે, એ મારી સંસ્કૃતિ છે, બસ આજ જવાબ દ્વારા હું આપને જણાવું છું કે આપણી સંસ્કુતિ એટલે કે વેદ અને પુરાણ તમે તમારા જીવનનો કોઈ પણ પ્રસંગ લ્યો અને એની સમસ્યા માટે રામાયણ કે મહાભારતના અધ્યાયનો પાઠ કરો ૧૦૦% તમને એનો ચોક્કસ ઉપાય મળશે જ અને એના કરતા પણ રામબાણ ઈલાજ તમારા દરેક કાર્યમાં ભગવાનને ભાગીદાર બનાવી દયો લખી રાખજો એ તમને ક્યારેય દેવાદાર નહિ બનવા દે, કારણ ભગવાન જેમાં ભાગીદાર હોય તે પેઢી નુકશાન નહીં પણ તે ધંધાનું નામ રોશન કરે છે, આની સાથો સાથ આપને હજી એક ઉપાય આપું, વિશ્વ આખામાં મોક્ષ ફાઉન્ડેશન નામનું ગ્રુપ કાર્યરત છે જેના ફાઉન્ડર છે અભિષેક બુદ્ધદેવ કે, જેમની ટીમ દ્વારા ડિપ્રેશન મુક્ત ભારતનું મિશન ચલાવવામાં આવે છે જેથી કરીને દેશ દુનિયાના લોકોનું માનસિક સ્વસ્થ સુરક્ષિત રાખી શકાય, મને ખબર છે કે કેહવું ઘણું સેહલું છે ને કરવું અઘરૂ પરંતુ જયારે આટલા પ્રખર સાધુ સંત અને આપણા પૌરાણિક ગ્રંથો આની જવાબદારી લે છે તો આપને કેમ નહીં ? આવો એક વાર લઈએ સંસ્કૃતિનો સંગાથ અને બતાવીએ વિકૃતિને ટાટા, બાય બાય નો હાથ...

**આલેખન : ભાવિક બી. જાટકીયા (સુરત)**


આગળ જવાનું કહેતા જૂનાગઢ ખાતે પ્રાઈવેટ હોસ્પિટલમાં ગયા હતા. જ્યાં ડિલિવરી બાદ પુત્રીનો

**પાર્થ ભરત ઘીયા**
૩૦૧ બી મોનાર્ચ રેસીડેન્સી, રાયજીનગર
જૂનાગઢ - ૩૬૨૦૦૧

વેબસાઈટ www.ireps.gov.in ની વિઝીટ કરવા વિનંતી. ઓનલાઈન અરજી માટેની છેલ્લી તારીખ 31/07/2023 ના 15:00 કલાક સુધી છે.

(સહી/- અવાચ્ય)
કમિશ્નર
મહાનગરપાલિકા, જૂનાગઢ

માહિતી/જૂના/૪૧૦/૨૦૨૩



### કાન ખજુરાનો એક ટાંગો (પગ) ભાંગે તો શું ? ન ભાંગે તો પણ શું ફેર પડવાનો ?

# પદ, પૈસા અને પ્રતિષ્ઠા પાછળ દોડી રહેલા કહેવાતા જૂનાગઢ મહાનગરનાં ભાજપનાં શાસકોનો તર્ક

## ૨૦૨૪માં મોદીનાં ૩૦૦ પ્લસ બેઠકોનાં મિશન પછી રાજકીય તજજ્ઞોમાંથી ઉઠતો પ્રશ્ન

**મહાનગરમાં ફરતા.. ફરતા..**
**- ગોરધન પાઘડાર**
**સિનીયર પત્રકાર**

જૂનાગઢ તા. ૭

૨૦૨૪માં ૩૦૦નાં લક્ષ્યાંક સાથે ભારતનાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પોતાનાં તમામ મંત્રીઓની એક તાબડતોડ બેઠક યોજી હતી. પ્રથમ નજરે એવું લાગતું હતું કે મંત્રી મંડળમાં ફેરફાર સંબંધી આ બેઠક નરેન્દ્ર મોદીએ બોલાવી હશે!

પરંતુ રાજકીય તજજ્ઞોનું માનવું છે કે જો મંત્રી મંડળમાં બદલાવ કરવો હોય તો તે વડાપ્રધાનનાં હાથમાં હોય છે ગમે ત્યારે ગમે તે મંત્રીને પોતાની સરકારમાંથી હાંકી કાઢે કે ગમે તેને મંત્રી બનાવી શકે. આટલી નાની વાતમાં તમામ મંત્રીઓને એકી સાથે બોલાવવાનું એક જ મિશન અને તે છે ૩૦૦ પ્લસ બેઠક ગમે તે ભોગે આગામી લોકસભાની થનાર ચુંટણીમાં ભાજપને ત્રણસો ઉપરની બેઠક હાંસલ કરવાની હોવાથી તમામ મંત્રીઓએ પોત પોતાનાં ખાતાની કામગીરી ઉપર ધ્યાન કેન્દ્રીત કરી આગામી તા. ૬મી જાન્યુઆરી પહેલા તમામે તમામ ૫૦૦થી પણ વધુ પ્રોજેકટ (વિકાસનાં કામો) પુરા કરવાની સુચના આપવા સાથે ૨૦૪૯ સુધીની લાંબાગાળાની દ્રષ્ટી સાથે લોકોની વચ્ચે જઈને સરકારની સિધ્ધિઓ પહોંચાડવાની પણ તાકીદ કરી હોવાનું જાણવા મળેલ છે.

જે હોય તે ગુજરાત પુરતી વાત કરીએ તો આજની તારીખે પણ તેમનાં નામે બોદા (પથરાઓ) તરી જાય તેટલી લોકપ્રિયતા તો જોવા મળે છે. પરંતુ આ લોકપ્રિયતાનો બરાબરનો રાજકીય ફાયદો ભાજપનાં કહેવાતા પદ-પૈસો અને પ્રતિષ્ઠા ભુખ્યા નાના કાર્યકરોથી લઈ મોટા કદનાં પદાધિકારીઓ ઉઠાવી રહયા છે. પરીણામે મતદારોમાં તેનો ઉંડો રોષ તો જોવા મળે છે. પરંતુ ભાજપનો મુકાબલો કરી શકે તેવો કોઈ વિપક્ષ નેતા-આગેવાન જ નથી. હા.. તાજેતરમાં ગુજરાત પ્રદેશનાં વરાયેલા કોંગ્રેસ પ્રમુખ અને રાજયસભાનાં સભ્ય શકિતસિંહ ગોહીલ સામે ભાજપનાં કહેવાતા ભ્રષ્ટ શાસકોથી ત્રસ્ત જનતા જરૂર નજર માંડીને બેઠી છે. ન.. કરે.. ને નારાયણ જો નામ પ્રમાણે શકિતસિંહની 'શકિતાો પ્રભાવ જનતા ઉપર ઉપસી આવે તો ભાજપનું ૩૦૦ પ્લસનું મિશન સફળ થાય કે કેમ ? તે બાબતે અત્યારથી જ રાજકીય તજજ્ઞો શંકાની દ્રષ્ટીથી જોઈ રહયા છે.

ગુજરાતની આઠ મહાનગરપાલિકાઓ પૈકી જૂનાગઢ મહાનગરપાલિકાનાં કહેવાતા શાસનની વાત કરીએ તો ખુદ ભાજપનાં જ યુવા ધારાસભ્ય જાહેરમાં જનતા સક્ષ કબુલતા હોય કે... ભારે વરસાદનાં કારણે જૂનાગઢની જનતા જે યાતના ભોગવી રહી છે તેમાં અમારી ભુલ છે. એવમ્ મહાનગરપાલિકાનાં ભાજપનાં શાસકોની અણઆવડત અને કહેવાતી બેદરકારીનાં કારણે આ પરિસ્થિતિ સર્જાણી છે.

જૂનાગઢનાં મહાનગરનાં રસ્તાઓની હાલત અત્યંત દર્દનીય છે. મહાનગરનો એકપણ રસ્તો જનતાને પગપાળા ચાલવા યોગ્ય નથી, તો પછી ટુ વ્હીલ-ફોર વ્હીલની તો વાત જ કયાં કરવી!

ભ્રષ્ટ વૃતિનાં મનાતા મનપા જૂનાગઢનાં નાના-મોટા અમલદારો અને શાસકોએ એક જ કૂલડીમાં ગોળ ભાંગ્યો હોય તેમ ખર્ચવામાં આવેલા પ્રજાનાં નાણાનાં પ્રમાણમાં જન સુવિધા એવમ્ વિકાસનાં મજબુત-ટકાઉ કોઈ કામ જોવા મળતા નથી.

છેલ્લા ચાર-પાંચ માસથી આમ તો આખુ વર્ષ મહાનગરમાં ભૂગર્ભ ગટર, પાણીની અને ગેસની પાઈપ લાઈન માટે ખોદવામાં આવેલા મુખ્ય રાજમાર્ગો અને સોસાયટીઓમાં કરવામાં આવેલા રસ્તાનાં ખોદકામ પછી નિયમાનુસારનું મજબુત પુરાણ એવમ્ હતા તેવા રસ્તાઓ બનાવવાની કામગીરીમાં લોટ-પાણી ને લાકડા જેવી અત્યંત નબળી થયેલી કામગીરીનાં કારણે વરસાદમાં સૌ પ્રથમ વખત જૂનાગઢનાં રસ્તાઓમાં મોટા-મોટા ભુવા (ખાડાઓ) પડી ગયા છે.

આ ઉપરાંત વરસાદી પાણીનાં નિકાલ માટેનાં અગાઉનાં કુદરતી એવા ઉંડા વોંકળાઓ ઉપર કહેવાતા શાસકો અને અમલદારોની મીઠી નજરા નીચે નાના મોટા પાકા બાંધકામો કરી લેવામાં આવતાં વરસાદી પાણીમાં એટલો મોટો અવરોધ ઉભો થયો કે ગંદા વોંકળા અને ગટરનાં પાણી સાથે વરસાદી પાણી લોકોનાં રહેઠાણો, ઘરો, સોસાયટીઓમાં ઘુસી જતાં પારાવાર મુશ્કેલીઓ ઉભી થવા પામેલ જેનો આજની તારીખે કોઈ અંત આવેલો જોવા મળતો નથી.

એટલું જ નહી રસ્તા ઉપર ભારે મોટા ખાડાઓ પુરવાની કરવામાં આવેલી કે હજુ કરવામાં આવતી ચાલુ કામગીરીમાં પણ જોઈએ તેટલું ધ્યાન આપવામાં ન આવતાં અને કાચું પુરાણ કરવામાં આવેલું હોવાથી વગર વરસાદે પુર્નઃ ખાડાઓ પડવા લગ્યાની પણ એટલી જ ફરીયાદો નગરજનોમાં ઉઠી છે.

ટુંકમાં ભાજપ શાસિત જૂનાગઢ મનપાનાં શાસકો પ્રજાકીય કામો કરવામાં ઉણા ઉતરેલા હોવાથી મહાનગરનાં નગરજનો તો ત્રસ્ત છે જ સાથો સાથ સરકાર તરફથી મહાનગરનાં વિકાસ માટે ફાળવવામાં આવેલ કરોડો રૂપિયાની ગ્રાન્ટ પૈકીનાં મોટાભાગનાં વિકાસનાં કામો સુવિધાઓથી પણ જનતા વંચિત હોવાની 'રાવ' છેક ગાંધીનગરનાં દરબાર સુધી પહોંચી હોવા છતાં... જૂનાગઢ મનપાનાં ભાજપી શાસકો ઉપર કોઈ મોટા ગોડફાધરનો અભય હાથ હોય તેમ બિન્દાસ્તપણે સોશ્યલ મિડીયા અને અખબારી પાનાઓ વિકાસનાં કામોનો ઢોલ પીટતા રહેલા છે.

અત્યાર સુધી તો સોશ્યલ મિડીયા અને અખબારી પાનાઓ અને જમીન ઉપર અને હવામાં કામોનો પીટાતા ઢંઢેરાને લીધે કદાચ તેના કહેવાતા કોઈ ગોડફાધરનાં કારણે બધુ જ સલામત હોવાની પપૂડીઓ તે હવે પછી વાગશે ખરી ?

ભાજપનાં કર્તા-હર્તા અને સમાહર્તા એવા વડાપ્રધાન મોદીએ તાજેતરમાં બોલાવેલ કેન્દ્રીય મંત્રીઓની બેઠકમાં તમામને ૩૦૦ પ્લસ બેઠકોનાં ધ્યેય સાથે ભારત સારકારની સિધ્ધિઓ જનતા સુધી પહોંચાડવા તમામ મંત્રીઓને તાકીદ કરવામાં આવ્યા પછી પણ જૂનાગઢ મહાનગરનાં કહેવાતા પદ, પૈસો અને પ્રતિષ્ઠા ભુખ્યા ભાજપનાં શાસકોનાં પેટનું પાણી પણ હલતું નથી !!

મતલબ કે ગોડફાધરનાં ઈશારા ઉપર અત્યાર સુધી નાચી રહયા છે તેવા શાકસો આજે પણ એવું માની રહયા છે કે 'કાન ખજુરા'નાં એક-બે પગ ભાંગ્યા તો પણ શું ? અને કદાચ જૂનાગઢની ભાજપની એકાદ બેઠક ન આવે તો પણ શું ? ફરક પડવાનો છે ?

રાજકીય તજજ્ઞોનાં મતે આ વાત અને ભાજપની 'ફીલોસોફી' સાચી પણ હોય શકે, પરંતુ આવો વિચાર.. તર્ક રાજકોટ, જામનગર, ભાવનગર સહિતનાં આઠ મોટી મહાનગરપાલિકાનાં શાસકો પણ આવો તર્ક કરતા જ હશે ને ? કારણ કે સબળ વિરોધ પક્ષનાં અભાવે જૂનાગઢ મહાનગરની જનતા જેમ ભાજપનાં શાસનથી વાજ આવી ગઈ છે તેમ અન્ય મનપાનાં નગરજનો પણ વધતા જતા પ્રમાણમાં થાકી પણ ગયેલ હોય તો નવાઈ નહીં!

એક સમયે એક રાજાએ તેમનાં રાજમાં ફરમાન કર્યુ કે મહેલની સામે એક મોટો કુંડ હોજ છે તે ગામ લોકોએ 'દુધ'થી ભરી દેવાનો છે તે માટે દર ઘર દીઠ એક 'ટબુડી' (લોટો) દુધ હોજમાં પધરાવવાનું છે તે પણ અમાસની અંધારી રાત્રીએ સવાર પહેલા..! સવાર થયું... રાજા દરબારીઓ સાથે હાજર થયા... આશ્ચર્ય... હોજ દુધનાં બદલે પાણીથી છલોછલ ભરેલો જોવા મળ્યો !!

કારણ તપાસતા જાણવા મળ્યું કે રાત્રીનાં સમયે લગભગ મોટાભાગનાં લોકોએ એવું વિચારેલું કે આખુ ગામ દુધ નાખશે તો મારી એકાદ પાણની ટબુડીનું પાણી કયાં દેખાશે? તેનાં કારણે લગભગ બધાએ આવા જ 'તર્ક' સાથે દુધનાં બદલે પાણી જ હોજમાં નાંખેલું... !! બોલો... ભલે આ કદાચ નાના.. નાના... બાળકો માટે પંચતંત્ર રચીત બાળવાર્તા હશે!

પરંતુ જૂનાગઢ મનપાનાં કહેવાતા કે પછી મોદીનાં નામે તરી જનારા પદ, પૈસો, પ્રતિષ્ઠા પાછળ દોડી રહેલા શાસકોને થોડામાં ઘણું કહી જાય છે કે...

.....જૂનાગઢનાં યુવાન ધારાસભ્ય સંજય કોરડીયા પણ સ્વીકારી ચુકયા છે કે અમારી કયાંક બેદરકારી હોવાનાં કારણે મહાનગરજનો પાડાનાં વાંકે પખાલીને ડામ જેવી કપરી પરિસ્થિતિનો સામનો કરી રહયા છે. તે પછી ભાજપનાં કેટલાક કહેવાતાં શાસકોનો જનતા પ્રત્યેનો દ્રષ્ટીકોણ શું બદલ્યો છે ખરો ? આ પ્રશ્ન રાજકીય તજજ્ઞોમાં ચર્ચાઈ

## જૂનાગઢના દામોદર કુંડમાં પિતૃ તર્પણ વિધિ માટે આવેલા પરિવારના ત્રણ વર્ષીય બાળકનું ડૂબી જતા મૃત્યું

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૭

જૂનાગઢના દામોદર કુંડ ખાતે આજે બપોરના અરસામાં બે કુંડને જોડતું ભૂંગળું ૩ વર્ષના બાળક માટે મોતનું પ્રવેશદ્વાર સાબિત થયું હતું. માણાવદરથી પિતૃકાર્ય માટે આવેલા વૃદ્ધાનો ૩ વર્ષનો



ચોમાસામાં દામોદર કુંડમાં વહેતું પાણી હોવાથી અને ઘાટ ઉપરથી પાણી વહેતું હોવાથી કોઈપણને તેમાં ન્હાવાની અને પાણીમાં ઉભા રહેવાનું આકર્ષણ થાય એ સ્વાભાવિક છે. પણ સાથે જ ભાવિકો કુંડમાં સાવચેતીથી ઉતરે અને પોતાના બાળકોને કુંડના ઉંડા

## જૂનાગઢ સહિત સૌરાષ્ટ્રમાં નાગપંચમીની ભાવભેર ઉજવણી



(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૭

અષાઢ વદ પાંચમ એટલે નાગપંચમીનું પર્વ આજે જૂનાગઢ સહિત સૌરાષ્ટ્રમાં મનાવવામાં આવી રહેલ છે. ખાસ કરીને લોહાણા રઘુવંશી સમાજની આ નાગપંચમી કહેવામાં આવે છે. આજે જૂનાગઢ સહિત સૌરાષ્ટ્રભરના લોહાણા રઘુવંશી સમાજના પરિવારજનો દ્વારા નાગદેવતાનું પૂજન કરવામાં આવેલ હતું. આજે જૂનાગઢ શહેરમાં આવેલા નાગદેવતાના મંદિર તેમજ જ્ઞાતિના ગોરમહારાજના ઘરે સવારથી જ લોહાણા રઘુવંશી પરિવારો દ્વારા શાસ્ત્રોકત વિધી સાથે નાગદેવતાનું પૂજન કરવામાં આવેલ હતું. નાગદેવતાને નાગલા ચડાવી, નિવૈદ્ય ધરાવી, પ્રસાદ ધરાવી અને પોતાના પરિવારની રક્ષા તેમજ સૌનું કલ્યાણ કરવાની ભાવના વ્યકત કરવામાં આવી હતી.

જોડતું ભૂંગળું ૩ વર્ષના બાળક માટે મોતનું પ્રવેશદ્વાર સાબિત થયું હતું. માણાવદરથી પિતૃકાર્ય માટે આવેલા વૃદ્ધાનો ૩ વર્ષનો પૌત્ર તેની નજર સામેજ કુંડમાં આવેલી કુંડીમાં લપસી પડ્યા બાદ ભૂંગળામાં ફસાઈ જતાં ડૂબી ગયો હતો. અને ઘટનાસ્થળેજ તેનું મોત નિપજયું હતું. ફાયરબ્રિગેડે તેના મૃતદેહને બહાર કાઢ્યો હતો. માણાવદરના રાવળદેવ જ્ઞાતિના વૃદ્ધા ગઈકાલે બપોરે બે વાગ્યાના અરસામાં જૂનાગઢના દામોદર કુંડ આવ્યા હતા. અને પિતૃપીપળે પાણી રેડી બાદમાં તીર્થ સ્નાન માટે ઘાટ





ઉપર બેસીને સ્નાન કરતા હતા. એ વખતે તેમનો ૩ વર્ષનો પૌત્ર જય રવિભાઈ પરમાર તેમની નજર સામેજ નહાતી વખતે ચેકડેમ પાસેની કુંડીમાં લપસી પડ્યો હતો. બાદમાં પાણીના પ્રવાહ સાથે આગળના કુંડમાં જતા ભૂંગળામાં ફસાઈ ગયો હતો. આથી તેની દાદીએ રાડારાડ કરી પોતાનો પૌત્ર નાળામાં પડી ગયાનું ઉપસ્થિત તીર્થ પુરોહિતોને કહેતાં ફાયરબ્રિગેડને ફોન કરાયો હતો. આથી ફાયરબ્રિગેડના કમલેશ પુરોહિત સહિતની ટીમ ઘટનાસ્થળે દોડી ગઈ હતી. અને લાંબા વાંસડાની મદદથી ભૂંગળામાં ફસાયેલા મૃતદેહને બહાર કાઢ્યો હતો. હાલ રહેવાનું આકર્ષણ થાય એ સ્વાભાવિક છે. પણ સાથે જ ભાવિકો કુંડમાં સાવચેતીથી ઉતરે અને પોતાના બાળકોને કુંડના ઉંડા ભાગથી દૂર રાખે એવી રાધા દામોદરજી મંદિરના મેનેજીંગ ટ્રસ્ટી નિરવ પુરોહિતે વિનંતી કરી હતી. ઘાટ ઉપર કોઈપણ વ્યક્તિ આવી શકે પણ લોકોને પાણીથી દૂર રાખવા માટે અમે પોલીસ બંદોબસ્ત માંગ્યો છે. સાથે અહીં મગર પણ તણાઈને આવી ચઢતી હોવાથી વનવિભાગ પણ બંદોબસ્ત ગોઠવે તેમ તીર્થ ગોર સમિતિના નિલેશ પુરોહિતે જણાવ્યું હતું.



નાગદેવતાને નાગલા ચડાવી, નિવેદ્ય ધરાવી, પ્રસાદ ધરાવી અને પોતાના પરિવારની રક્ષા તેમજ સૌનું કલ્યાણ કરવાની ભાવના વ્યકત કરવામાં આવી હતી.

# સોરઠના માણાવદર, ભેંસાણ, વિસાવદર સહિતના તાલુકામાં વરસાદ

## માણાવદર અઢી ઈંચ, ભેંસાણ સાડા ચાર ઈંચ, વિસાવદર બે ઈંચ, મેંદરડા એક ઈંચ વરસાદ નોંધાયો

(પ્રતિનિધિ દ્વારા) જૂનાગઢ તા.૭

જૂનાગઢ સહિત સોરઠ પંથકમાં તાજેતરમાં જ ભારે વરસાદ પડયો હતો અને આ વરસાદના કારણે નીચાણવાળા વિસ્તરોમાં ગંભીર પરિસ્થિતિનું નિર્માણ થયું હતું.

જૂનાગઢ જીલ્લાના ૧૦ ડેમો ઓવરફલો થયા હતા અને આ દરમ્યાન ભારે વરસાદ બાદ હળવાથી ભારે વરસાદના ઝાંપટા વચ્ચે વરાપ જેવું વાતાવરણ નીકળ્યું હતું. દરમ્યાન ગઈકાલે જૂનાગઢ જીલ્લાના વિવિધ તાલુકામાં વરસાદ પડયાના અહેવાલ છે. આજે સવારે ૬ કલાકે પુરા થતા છેલ્લા ૨૪ કલાક દરમ્યાન વિવિધ તાલુમાં પડેલા વરસાદ અનુસાર માણાવદરમાં ૬૦ મીમી, વંથલી ૪મીમી, જૂનાગઢ ગ્રામ્ય ૧૩ મીમી, ભેંસાણ ૧૦૮ મીમી, વિસાવદર ૪૯ મીમી, મેંદરડા ૨૫ મીમી, કેશોદ ૮ મીમી, માંગરોળ ૬ મીમી, માળીયા હાટીના ૨૩ મીમી અને જૂનાગઢ સીટી ૧૩ મીમી જેવો વરસાદ નોંધાયો છે.

# જૂનાગઢ શહેરની માથાનાં દુઃખાવારૂપ બની ગયેલી ટ્રાફીક સમસ્યા હલ કરવા રજુઆત

## જૂનાગઢ જીલ્લા કોંગ્રેસ સમીતીનાં મહામંત્રી વી.ટી. સીડા દ્વારા ટ્રાફીક સમસ્યાનાં નિવારણ માટે સુચનો કરી યોગ્ય કરવા માંગ કરી

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા. ૭

જૂનાગઢ જીલ્લા કોંગ્રેસ સમીતીનાં મહામંત્રી વી.ટી. સીડા દ્વારા જૂનાગઢ શહેરની વકરેલી ટ્રાફીકસમસ્યાનાં નિવારણ માટે કેટલાક જરૂરી સુચનો દર્શાવી અને એક વિસ્તૃત પત્ર જૂનાગઢ જીલ્લા કલેકટરશ્રી, જૂનાગઢ આઈજીપી, જીલ્લા પોલીસ વડા તેમજ મનપાનાં કમિશ્નરશ્રીને પાઠવી અને આ અંગે ઘટતી કાર્યવાહી કરવાની માંગણી કરી છે. આ પત્રમાં જણાવ્યા અનુસાર જૂનાગઢ શહેરમાં દિવસેને દિવસે ટ્રાફીક સમસ્યા વધતી જાય છે. જે ટ્રાફીક સમસ્યા હલ કરવાનાં વિકલ્પ રજુ કરાયા છે જેમાં ગાંધીચોકથી સોરઠ ભવન સુધી સરકારશ્રીના પંચાયત તથા સ્ટેટ માર્ગ અને મકાન વિભાગની વિશાળ સંખ્યામાં જગ્યા પડી છે. તે જગ્યામાં માત્ર એક જ કચેરી નાની એવી કાર્યરત છે. તે કચેરીને જુનાગઢ હાથીખાના સામે અભિલેખા ઘરનું નવું બાંધકામ ખંઢેર હાલતમાં પડેલ છે. ત્યાં પ્રથમ જીલ્લા પંચાયત પણ કાર્યરત કરવામાં આવેલ હતી. હાલ તે નવું બિલ્ડીંગ ખંઢેર હાલતમાં પડેલ છે. તે બિલ્ડીંગમાં તે કચેરીની ખસેડવામાં આવે, અને તે જગ્યાને ખુલ્લી કરીને જાહેર પાર્કીંગ તરીકે ખુલ્લી મુકવામાં આવે તો કાયમ માટે ગાંધીચોકમાં તથા આજુ-બાજુના વિસ્તારમાં થતી ટ્રાફીકની સમસ્યા કાયમ માટે હલ થઈ જશે. આ ઉપરાંત આઝાદ ચોકમાં આવેલ માર્ગ અને મકાન વિભાગની કચેરીને પણ હાથીખાના સામેના અભિલેખા ઘર બિલ્ડીંગમાં ખસેડવામાં આવે અને ત્યારબાદ તે આઝાદ ચોકમાં આવેલ માર્ગ અને મકાન વિભાગની કચેરી વાળી જગ્યાએ ડિમોલીશન કરી જાહેર પાર્કીંગ માટે તે જગ્યા ખુલ્લી મુકવામાં આવે તથા આઝાદ ચોક પોસ્ટ ઓફિસને સરકારશ્રીની માલીકીના સામેના રેડકોર્સ બિલ્ડીંગ નામે ઓળખાતા મકાનમાં અથવા તો જુની જનાના હોસ્પિટલમાં ખસેડવામાં આવે અને ગાંધીચોકમાં આવેલ માર્ગ અને મકાન નાયબ કાર્યપાલકની કચેરી તથા આઝાદ ચોકમાં આવેલ શહેર નાયબ કાર્યપાલકશ્રીની કચેરીને હાથીખાના સામેના અભિલેખા ઘરમાં બંને કચેરીઓને કાર્યરત કરી તે પોસ્ટ ઓફિસ વાળી જગ્યા અને માર્ગ અને મકાન વિભાગ વાળી જગ્યાને પણ ડિમોલીશન કરી જાહેર પાર્કીંગ માટે ખુલ્લી મુકવામાં આવે તો, આઝાદ ચોક અને પંચહાટડી ચોકમાં થતા ટ્રાફીકની સમસ્યા કાયમ માટે હલ કરી શકાશે. વધુમાં તે આઝાદ ચોકમાં બન્ને કચેરીઓની બાજુમાં એસ.ટી. વિભાગની પણ જગ્યા આવેલી છે. તેને પણ ડિમોલીશન કરીને જાહેર પાર્કીંગ માટે ખુલ્લી મુકવામાં આવે તો, શહેરમાંથી મોટા ભાગની ટ્રાફીક સમસ્યા કોઈની ગરીબની રોઝી-રોટી છીનવ્યા વગર હલ કરી શકાશે. આ ઉપરાંત વણઝારી ચોકમાં જુની તાલુકા શાળાનું સરકારશ્રીની માલીકીનું જુનુ ખંઢેર બિલ્ડીંગ આવેલું છે. ત્યાં પણ વિશાળ જગ્યા છે. તેને પણ જાહેર પાર્કીંગ માટે ખુલ્લી મુકવામાં આવે, તો વણઝારી ચોકની પણ ટ્રાફીક સમસ્યા કાયમ માટે હલ થઈ શકે તેમ છે. આ ઉપરાંત રાણાવાવ ચોકમાં પણ શિક્ષણ વિભાગની માલીકીનું જાહેર શૌચાલયની બાજુમાં જુનું ખંઢેર બિલ્ડીંગ આવેલું છે. તેને ડિમોલીશન કરીને તે જગ્યાને જાહેર પાર્કીંગ માટે ખુલ્લી મુકવામાં આવે તો, તે રાણાવાવ ચોકમાં પણ કાયમી ટ્રાફીકની સમસ્યા દૂર કરી શકાશે. આ ઉપરાંત ગીતા લોજ સામે જીલ્લા પંચાયતના જુના ગેસ્ટ હાઉસ વાળી પણ વિશાળ જગ્યા પડેલી છે. ત્યાં પણ જુના બાંધકામને ડિમોલીશન કરી તે જગ્યા જાહેર પાર્કીંગ માટે ખુલ્લી મુકવામાં આવે તો, શહેરના મધ્યસ્થ વિસ્તારમાં થતી મોટા ભાગની ટ્રાફીક સમસ્યા હલ થઈ શકે તેમ છે.

આ ઉપરાંત અને જે નવા કોમ્પ્લેક્ષોના બાંધકામ થયેલ છે. ત્યાં શહેરી વિસ્તારના નિયમો મુજબ મંજુરી વખતે પાર્કીંગની જગ્યાઓ મુકાવવામાં આવેલ છે. તે જગ્યાઓ પર બાંધકામ કરીને ભાડે આપી દેવાયેલ છે. અથવા તો માલીક દ્વારા વપરાશ કરાય રહ્યું છે. તેવા રોડ પરના વિવિધ કોમ્પ્લેક્ષોમાં સર્વે કરાવી ત્યાંથી પાર્કીંગવાળી જગ્યાને ખુલ્લી કરાવવામાં આવે તો પણ ૨૫% જેટલા વાહનોને તેવી જગ્યામાં પાર્કીંગ કરી શકાશે. આ અંગે જરૂરી કાર્યવાહી કરવા પત્રનાં અંતે જીલ્લા કોંગ્રેસ સમીતીનાં મહામંત્રી વી.ટી. સીડાએ વિનંતી કરી છે.

# માણાવદરમાં ૩૫ હજારની જનતા માથે ભમતું મોતનું ભુત !



# તાલુકા પંચાયત અને એસબીએસની જુની કચેરી જર્જરીત, લટકતા કાંગરા ગમે ત્યારે મોતનું તાંડવ રચશે !

(પ્રતિનિધિ દ્વારા)

માણાવદર તા. ૭

માણાવદર શહેર એક સમયે કમાલુદીનાખાનજીનાં શાસનમાં રાજા અને પ્રજા સુખી હતાં તેને કારણે રાજાનાં દરવાજા કાયમી ખુલ્લા હતાં ગમે ત્યારે જનતાની ફરીયાદ સાંભળી તત્કાળ સજા થતી કે પ્રશ્ન હલ થતાં જેવો ઈતિહાસ બોલે છે, ન હોતા કમાલા તો સબ બાબીનમાલા એવું લોકયાકા છે આજે એવા ઓલીયા પુરૂષ પૂજાય છે. હિન્દુ-મુસ્લીમ બંને પૂજે છે તેવા માણાવદરમાં હવે એવા રાજા કે આગેવાન નથી રહયાં, સંસ્કાર પણ નથી રહયાં, હવે ફરીયાદ સાંભળે કોણ ?

માણાવદર શહેરમાં નવાબ કમાલુદીનાખાનજી તથા તે પહેલાનાં રજવાડાએ પ્રજાતિહતમાં બનાવેલા બિલ્ડીંગો અડીખમ હતાં. તેનાં દેખભાવનાં કમીને કારણે જર્જરીત થઈ ચુકી છે. આ જર્જરીત ઈમારત એટલે ગાંધીચોક મધ્યમાં આવેલા તાલુકા પંચાયતની જુની કચેરી, બીજી બાજુ એસબીએસની જુની કચેરી બંને બિલ્ડીંગ જર્જરીત હાલત થઈ કમોતનું તાંડવ ખેલાશે. શહેરમાં મધ્યમાં નવાબી વખતતાની રજવાડી ઈમારતો ભવ્ય ભૂતકાળની સાક્ષી પુરે છે તે હવે જર્જરીત હાલત છે. જેનાથી આ ચોકમાંથી પસાર થનાર ૩૫ હજારની જનતામાંથી કોણ ભોગ બનશે ? તેવી દહેશત વ્યકત થઈ રહી છે. ઉપરથી રાષ્ટ્રપિતા એવા મહાત્મા ગાંધીજીની પ્રતિમા ઉપર પૂર્ણ જોખમ છે. આ જર્જરીત બિલ્ડીંગનાં કારણે જો દેશનાં રાષ્ટ્રપિતા જેવા ગાંધીજીની સલામતી નહી રહે તો દેશ કયાંથી સુરક્ષતી રહેશે ? તેવી આમ જનતા ચર્ચા કરી રહી છે. ભાજપ સરકારને રજવાડાની કોઈપણ મિલ્કત કે જાજરમાન ઐતિહાસકી બિલ્ડીંગોમાં રસ નથી તે હાલની સ્થિતિ દર્શાવી રહયા છે. પંથકમાં અનોક ધારાસભ્યો-મીનીસ્ટરો આવ્યા અનો ગયા પરંતુ શહેરનાં ઐતિહાસીક ઈમારતો પ્રત્યે તેમને કામ નથી ! બીજે બિલ્ડીંગોને જબરી ગ્રાન્ટ ફાળવી તેવી ચર્ચા જનતા કરી રહી છે. ત્યારે ભાજપ સરકાર આ જર્જરીત બિલ્ડીંગ જનતા માટે ભમતું મોતનું ભૂત હટાવશે ખરી ? કારણ કે આ ચોક અને જાહેર માર્ગ ઉપરથી વિદ્યાર્થીઓ, નાગરીકો, સ્વામીનારાયણ મંદિરમાં આવતા દર્શનાર્થીઓ કે પાલિકા ઓફિસમાં કામે આવતાં લોકોને જર્જરીત ઈમારત જાનનનું જોખમ રહેલું છે.

જુની ઈમારતનાં લટકાતા કાંગરા ગમે ત્યારે મોતનું તાંડવ રચશે, ભાજપ સરકારને નવી કચેરી બનાવવામાં જ રસ છે, જુની ધરોહર સાચવવામાં નહીં ? તેવો પ્રશ્ન લોકોમાં ચર્ચાઈ રહયો છે. અંતે લોકો કહે છે કે પ્રજા અને ગાંધીજી ઉપર જાનનું જોખમ કયારે ટળશે ?